dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-214 | AD-2024, Chaitra Vad-(0 | Wednesday, Dt.08-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**ગુજરાતમાં સરેરાશ ૫૫.૨૨ ટકા મતદાન, સૌથી વધુ વલસાડમાં ૬૮.૬૬ ટકા અને સૌથી ઓછું અમરેલીમાં ૫૦.૦૭ ટકા**

## રાજ્યની જનતાનો ફેસલો ઈવીએમમાં કેદ ઓછા મતદાનથી રાજકીય પક્ષો ચિંતીત

### ગુજરાતમાં ૫૦૭૮૭ જેટલા મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું



(એ.આર.એલ),અમદાવાદ,તા.૭

લોકસભા ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન થયું હતું. ગુજરાતમાં ૫૦૭૮૭ જેટલા મતદાન મથકો પર મતદાન થયું હતું. રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું અને ૨૫ બેઠક પર ઉમેદવારના ભાવિ ઈવીએમમાં કેદ થયા છે. ગરમીનો માર છતાં મતદારોએ જોરદાર જુસ્સો બતાવ્યો હતો.

રાજ્યમાં ટકાવારી પ્રમાણે મતદાન જોઈએ તો કચ્છમાં ૫૨.૩૪ ટકા મતદાન, જૂનાગઢમાં ૫૭.૪૨ ટકા મતદાન, અમદાવાદ પૂર્વમાં ૪૯.૯૫ ટકા મતદાન, મહેસાણામાં ૫૫.૨૩ ટકા મતદાન, આણંદમાં ૬૨.૨૦ ટકા મતદાન, બનાસકાંઠામાં ૬૪.૪૮ ટકા મતદાન, પાટણમાં ૫૫ ટકા મતદાન, સાબરકાંઠામાં ૬૧.૧૪ ટકા મતદાન, ગાંધીનગરમાં ૫૬.૩૦ ટકા મતદાન, અમદાવાદ પશ્ચિમમાં



૫૦.૨૯ ટકા મતદાન, સુરેન્દ્રનગરમાં ૫૩.૮૧ ટકા મતદાન, રાજકોટમાં ૫૮.૨૮ ટકા મતદાન, પોરબંદરમાં ૫૦.૩૧ ટકા મતદાન, જામનગરમાં ૫૨.૩૬ ટકા મતદાન, અમરેલીમાં ૫૦.૦૭ ટકા મતદાન, ભાવનગરમાં ૪૮.૫૯ ટકા મતદાન, ખેડામાં ૫૩.૮૩ ટકા મતદાન, પંચમહાલમાં ૫૪.૭૦ ટકા મતદાન, દાહોદમાં ૫૪.૮૭ ટકા મતદાન, વડોદરામાં ૬૦.૮૭ ટકા મતદાન, છોટાઉદેપુરમાં ૬૪.૬૯ ટકા મતદાન, ભરૂચમાં ૬૪.૧૮ ટકા મતદાન, બારડોલીમાં ૬૧.૦૧ ટકા મતદાન, નવસારીમાં ૫૬.૦૯ ટકા મતદાન, વલસાડમાં ૬૮.૬૬ ટકા મતદાન થયું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે રાણીપમાં આવેલી નિશાન વિદ્યાલયમાં મતદાન કર્યું. તેઓ વહેલી સવારે જ મતદાનમથકે પહોંચી ગયા હતા. મતદાન મથક પર વડાપ્રધાન મોદીને જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. દૂર દૂર સુધી લાંબી કતાર પણ જોવા મળી હતી. ઢોલ નગારા સાથે સ્થાનિકોએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. મતદાન કરવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઓળખકાર્ડને બરાબર ચકાસ્યા બાદ જ ચૂંટણી અધિકારીએ આગળની પ્રોસેસ કરી હતી અને વડાપ્રધાને પોતાનો મત આપ્યો હતો. વડાપ્રધાન હોવા પહેલા એક મતદાર હોવાની ફરજ વડાપ્રધાન મોદીએ નીભાવી હતી. તો ચૂંટણી અધિકારીએ પણ તેમનું ઓળખકાર્ડ સામાન્ય નાગરિકની જેમ જ તપાસ્યું હતું. વડાપ્રધાનની સાથે ગૃહમંત્રી અમિત શાહે પણ મતદાન કર્યું હતુ. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કડી ખાતે મતદાન કર્યું હતું. અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના રબારીકા ગામે સ્થાનિક કારણોસર લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. બાદમાં તંત્રની સમજાવટ બાદ મતદાન થયું હતું.

## ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું. કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી જવાની તો કેટલાક સ્થળોએ મતદાર યાદીમાં નામ ન હોવાની ફરિયાદો મળી હતી. જયારે કેટલાક મતદાન મથકો પર વિવિધ રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે ઝપાઝપીના અહેવાલો પણ મળ્યા છે. ત્રીજા તબક્કામાં આસામ- ૪ બેઠક, બિહાર-૫ બેઠક, છત્તીસગઢ- ૭ બેઠક, દાદરા અને નગર હવેલી-૧ બેઠક, દમણ-દીવ-૧ બેઠક, ગોવા- ૨ બેઠક, ગુજરાત- ૨૫ બેઠક, કર્ણાટક-૧૪ બેઠક, મધ્યપ્રદેશ- ૮ બેઠક, મહારાષ્ટ્ર- ૧૧ બેઠક, ઉત્તરપ્રદેશ- ૧૦ બેઠક, પશ્ચિમ બંગાળ- ૪ બેઠક, જમ્મુ કાશ્મીર- ૧ બેઠક પર મતદાન થયું હતું



મતદાનના ત્રીજા તબક્કામાં મતદારોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી અને બીજેપી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહ, એનસીપી (એસપી)ના નેતા અને શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીની પત્ની સુનેત્રા પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ અને કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી સહિતના દિગ્ગજોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે. એ યાદ રહે કે ચૂંટણી પંચે દેશમાં સાત તબક્કામાં મતદાન કરાવવાની જાહેરાત કરી છે. અગાઉ પ્રથમ બે તબક્કામાં મતદાન થયું હતું. ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાના મતદાનમાં ૬૬.૧૪ ટકા અને ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન થયું હતું. જયારે ગઈકાલે ૭ મેના દિવસે ત્રીજા તબક્કાનું મતદાન યોજાયુ હતું. ત્રીજા તબક્કામાં સરેરાશ ૬૨ ટકા મતદાન થયું છે. આસામમાં સૌથી વધુ ૭૪.૮૯ ટકા, બિહારમાં ૫૬.૧૦ ટકા, છત્તીસગઢમાં ૬૬. ૮૭ ટકા, દાદરા અને નગર હવેલી અને દમણમાં ૬૫.૨૩ ટકા, ગોવામાં ૭૨.૫૨ ટકા, ગુજરાતમાં ૫૫.૨૨ ટકા, કર્ણાટકમાં ૬૬.૦૫ ટકા, મધ્યપ્રદેશમાં ૬૨.૨૮ ટકા, મહારાષ્ટ્રમાં ૫૩.૪૦ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૫.૧૩ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૭૩.૯૩ ટકા મતદાન થયું છે.


હાર્દિક અભિનંદન
અમરેલીના પનોતા પુત્ર અને ખેડૂત નેતા એવા
દિલીપભાઈ સંઘાણીની
ઈફકોના ડાયરેકટર તરીકે બિન હરીફ થવા બદલ
લાખ લાખ અભિનંદન
સહકારી ક્ષેત્રે તમો વધુમાં વધુ પ્રગતિ કરો
તેવી અંતઃકરણપૂર્વક શુભકામના
શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી
શુભેચ્છક
શ્રી વિઠ્ઠલભાઈ રણછોડભાઈ ગજેરા –પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠાકરશીભાઈ કોલડીયા –ઉપપ્રમુખશ્રી
શ્રી જગુભાઈ વિરદાસભાઈ અગ્રાવત –મંત્રીશ્રી
ફુલઝર સેવા સહકારી મંડળી લી. તા.બાબરા,જી. અમરેલી




હાર્દિક અભિનંદન
અમરેલી જિલ્લામાં દુધ સાયન્સ ડેરીની ભેટ આપવા વાળા
સહકારી ક્ષેત્રના અગ્રણી આગેવાન અને ખેડૂત નેતા
શ્રી દિલીપભાઈ સંઘાણી ની
ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ
હાર્દિક શુભેચ્છા
શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી
શુભેચ્છક
શ્રી ધાર્મિકભાઈ રમેશભાઈ રામાણી -પ્રમુખશ્રી
શ્રી નિકુંભાઈ રમેશભાઈ દેવમુરારી -મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
સુખનાથ ખેડૂત સેવા સહકારી મંડળી લી. અમરેલી


## વડાપ્રધાનના ભાઈ મતદાનના દિવસે ભાવુક થયા, માતાને યાદ કર્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મોટા ભાઈ સોમાભાઈ મોદી મંગળવારે તેમના સ્વર્ગસ્થ માતા હીરાબાને યાદ કરીને ભાવુક થઈ ગયા હતા અને કહ્યું હતું કે તેઓ સ્વર્ગમાંથી વડા પ્રધાનને તેમના આશીર્વાદ આપશે. સોમાભાઈ મોદીએ કહ્યું કે જનતાની જેમ તેઓ પણ ઈચ્છે છે કે તેમના ભાઈ ત્રીજી વખત વડાપ્રધાન બને.



છેલ્લી ચૂંટણીઓ દરમિયાન, અહીં મતદાન કરવા આવતા પહેલા, વડા પ્રધાન મોદી ગુજરાતના ગાંધીનગરમાં તેમના માતાના નિવાસસ્થાને જતા હતા અને તેમને મળતા હતા અને તેમના આશીર્વાદ લેતા હતા. હીરાબાનું નિધન ડિસેમ્બર ૨૦૨૨માં થયું હતું. ગાંધીનગર લોકસભા મતવિસ્તાર હેઠળના રાણીપ વિસ્તારમાં એક મતદાન મથકની બહાર સોમાભાઈએ આંસુભરી આંખો સાથે કહ્યું, "મારી માતા હવે નથી, પરંતુ તેઓ સ્વર્ગમાંથી નરેન્દ્રભાઈને તેમના આશીર્વાદ આપતા હશે."


AIMS HOSPITAL-AMRELI Care is our culture
AIMS -એઈમ્સ હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી


### એનઆરઆઇ મહિલાએ મતદાન કરવા માટે ૧૫૦૦ કિમીની મુસાફરી કરી



**વડોદરા:** મૂળ વડોદરાના પણ છેલ્લા ૧૧ વર્ષથી ઓમાન દેશની રાજધાની મસ્કતમાં રહેતા નેહાબેન વોરા ૧૫૦૦ કિલોમીટરની મુસાફરી કરીને ખાસ મતદાન માટે આજે વડોદરા આવ્યા હતા. તેમણે પોતાનો મત આપ્યા બાદ કહ્યું હતું કે, મેં યુવા મતદારોને સંદેશ આપવા માટે ખાસ વોટિંગ કરવા માટે ભારત આવવાનો નિર્ણય લીધો હતો. મતદાન દરેક ભારતીયનો અધિકાર છે. એનઆરઆઈ હોવા છતાં મને મતદાન કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. મતદાન કરવાનો અનુભવ પણ સુખદ રહ્યો છે.


Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
Sheetal Shrikhand
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...



એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આટ્ર્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ
ફૂલ ડે સ્કૂલ
મિક્સ મિડિયમ સ્કૂલ
જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા
સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ
ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આટ્ર્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧




POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

# જાફરાબાદમાં ચૂંટણી ફરજ દરમિયાન કર્મચારીનું મોત

અમરેલી,તા.૭

અમરેલી લોકસભાનું ગતરોજ મતદાન થયું હતું. મતદાન પૂર્વે કર્મચારીઓ ફરજ પર હાજર થઈ ગયા હતા. મતદાન શરૂ થયા બાદ બપોરના સમયે અચાનક જાફરાબાદ શહેરની સાગર શાળામાં ચૂંટણી ફરજ બજાવતા કૌશિકાબેન બાબરીયા અચાનક ઢળી પડ્યા



હતા. ઈમરજન્સી ૧૦૮ મારફતે રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ત્યારે ફરજ પરના તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરતા કર્મચારીઓમાં શોકનો માહોલ છવાયો હતો. હાર્ટ એટેકના કારણે મોત થયાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું છે. આ ઘટનાની જાણ થતા જિલ્લા પોલીસ વડા પણ દોડી ગયા હતા. મૃતક કર્મચારીના મૃતદેહને પોસ્ટમાર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યો હતો.

# વસંતભાઈ મોવલીયાએ પરિવાર સાથે મતદાન કર્યું



અમરેલી,તા.૭

ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સેવાકીય આગેવાન તેમજ સંજોગ ન્યૂઝના તંત્રી વસંતભાઈ મોવલીયાએ પોતાના પત્ની સાથે વહેલી સવારે નાની કુંકાવાવ ખાતે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

# જિલ્લા કલેકટર અજયદહીયાએ અમરેલી ખાતે મતદાન કર્યું

અમરેલી,તા.૭

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ મતદાન કરી તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરે અમરેલી શહેરમાં આવેલ જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતેના મતદાન મથકના રુમ



નં.૦૨ ખાતે મતદાન કર્યુ હતું. જિલ્લા ચૂંટણી અધિકારીએ, ફોરવર્ડ હાઈસ્કૂલના પ્રાંગણમાં પર્યવારણની થીમ પર તૈયાર કરવામાં આવેલા આદર્શ મતદાન મથકની મુલાકાત લીધી હતી.

# રાજકોટ લોકસભાના ઉમેદવાર પરેશ ધાનાણીએ અમરેલીમાં મતદાન કર્યું

અમરેલી,તા.૭

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરેશભાઈ ધાનાણીએ અમરેલી ખાતે સા.કુંડલા રોડ પર આવેલી એક શાળામાં મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

પરેશભાઈ ધાનાણીએ આ વખતે રાજકોટ લોકસભાની કોંગ્રેસ બેઠક પર ચૂંટણી લડી રહ્યાં છે ત્યારે તેઓએ અમરેલી ખાતે



આવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું.

# ધારીના યોગીઘાટ નજીક માર્ગ પર બે સાવજ આવી ચડ્યા

અમરેલી,તા.૭

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને જંગલ વિસ્તાર નજીકના ગામોમાં સિંહો શિકારની શોધમાં આવી ચડતા હોવાની ઘટનાઓ સામાન્ય બનવા પામી છે. જો કે ધારીમાં ડાલામથ્થા સાવજો છેક સોસાયટી વિસ્તારમાં આવી ચડવાની ઘટના વધી રહી છે. ગતરાત્રીના યોગીઘાટ નજીક બે સાવજો શિકારની



શોધમાં આવી ચડયા હતા. શહેરમાં અવારનવાર શિકારની શોધમાં સાવજો આવી રહ્યાં છે. અહીંના શિવનગર સોસાયટી, હરિકૃષ્ણનગર સોસાયટી, નવી વસાહત વિસ્તારમાં થોડા દિવસ પહેલા પાંચ સાવજો આવી ચડયા હતા અને મારણ પણ કર્યુ હતું જેના કારણે સોસાયટી વિસ્તારના રહીશોમાં ભય ફેલાયો હતો.

ગઈકાલે ધારીમાં બગસરા રોડ પર શેત્રુંજી નદીના યોગીઘાટ પાસે આવેલ બીએપીએસની પ્રેમવતી હોટેલ પાસે મુખ્ય માર્ગ પર બે સાવજો આવી ચડયા હતા અને ગાય અને વાછરડાનો શિકાર કરવાની કોશિષ કરી હતી. જેના કારણે આ વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાયો હતો. રાત્રીના સમયે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોને સિંહદર્શન કરવાનો લ્હાવો મળ્યો હતો.

# જેની ઠુમ્મરે વાવડી રોડ ખાતે મતદાન કર્યું



અમરેલી,તા.૭

અમરેલી-કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે કુળદેવીના દર્શન કરી મતદાન કર્યું હતું. વાવડી રોડ ગામે પ્રાથમિક શાળાએ પહોંચી મતદાન કર્યું હતું. પિતા વિરજીભાઈ ઠુમ્મરે પણ પુત્રી જેનીબેન ઠુમ્મર સાથે મતદાન કર્યું હતું.

# સાવરકુંડલા શહેરમાં ચાર દીકરીઓએ માતાને અગ્નિદાહ આપતા સૌ કોઈની આંખ ભીની થઈ

સાવરકુંડલા,તા.૭

સાવરકુંડલામાં હીનાબેન ગુણવંતભાઈ દોશીનું ૪ મે ૨૦૨૪ના રોજ અવસાન થયું હતું. તેમની ચારેય દીકરી વૈશાલી, નેહા, ચાંદની અને ઈશાનીએ પોતાની માતાને અગ્નિદાહ આપ્યો હતો. એવું માનવામાં આવે છે કે દીકરો અગ્નિદાહ આપી શકે ને દીકરી ન આપી શકે,



જોકે આ ચારેય દીકરીઓએ આ પરંપરા તોડીને પોતાની માતાને અગ્નિદાહ આપ્યો ત્યારે સૌ કોઈની આંખ ભીની થઈ હતી.

# ભોટા માચીયાળા ગામે સમસ્ત કોળી ઠાકોર સમાજના ૨૭મા સમૂહલગ્નનું આયોજન

અમરેલી,તા.૭

અમરેલીનાં મોટા માચીયાળા ગામે જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ દ્વારા ૨૭મા સમસ્ત કોળી ઠાકોર સમાજનાં ૧૫ યુગલોનાં સમૂહલગ્નનું વેલનાથ બાપાના મંદિરે, પ્લોટ વિસ્તારમાં આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંતો-મહંતો, રાજસ્વી અગ્રણીઓ, આમંત્રિત મહેમાનો તથા સમાજના વિવિધ સંગઠનો તેમજ ગામજનો હાજર રહેશે. આ સમૂહલગ્નમાં દાતાઓના સહયોગથી કુલ ૧૦૧ ઘરવપરાશની વસ્તુઓ આપવામાં આવશે. આ શુભ કાર્યમાં ચિતલ, ફતેપર, અમરેલી તથા દેવળીયા ગામનાં યુવક મંડળો સતત મહેનત કરી રહ્યા છે તેમ સમૂહલગ્ન સમિતિનાં ધીરૂભાઈ મકવાણા તથા ભનુભાઈ થળેસાની સંયુકત યાદીમાં જણાવેલ છે.

# અમરેલી શહેર ભાજપના મહામંત્રીએ પરિવાર સાથે મતદાન કરી લોકશાહી પર્વ ઉજવ્યું

અમરેલી,તા.૭

લોકસભા ચૂંટણીના બે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે, ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે (૭ મે)ના રોજ થયું. જેમાં ગુજરાતની તમામ ૨૫ બેઠકો પર મતદાન થયું હતું. જેમાં અમરેલી શહેર ભાજપનાં મહામંત્રી ભરતભાઈ મકવાણાએ સહ પરિવાર



મતદાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ભરતભાઈ મકવાણાની પુત્રી બ્રિન્દા મકવાણાએ પ્રથમ વખત મતદાન કર્યું છે.

# ઢોલ-નગારા સાથે અશ્વિનભાઈ સાવલીયાએ મતદાન કર્યું



અમરેલી,તા.૭

અમરેલી નજીક આવેલા પ્રતાપપરામાં અનોખી પરંપરા જોવા મળે છે. ગામના લોકો મતદાન કરવા જતી વખતે દંપતીઓ સાથે નીકળે છે. જેમાં આ વખતે પણ લોકસભાની ચૂંટણીમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સજોડે ઢોલ-નગારા સાથે મતદાન મથકે પહોચ્યા હતા.

# જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કાંકચ ખાતે મતદાન કર્યું

અમરેલી,તા.૭

અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરની સાથે દરેક જાહેરસભામાં પોતાની આગવી શૈલીમાં ભાષણ આપનાર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે હવે ચૂંટણી પ્રચારમાંથી મુક્ત થયા બાદ લીલીયા તાલુકાના કાંકચ ગામે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી. પ્રતાપભાઈ દુધાતે વહેલી સવારે




મતદાન કરી યુવાનોને મતદાન કરવા પ્રેરણા આપી હતી.

# વિશ્વહિન્દુ પરિષદના પ્રમુખે પરિવાર સાથે મતદાન કર્યું



અમરેલી,તા.૭

લોકસભાની ચૂંટણીનું ગતરોજ મતદાન હોય ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના પ્રમુખ ઈતેશ મહેતાએ તેના પરિવારજનો સાથે મતદાન કર્યુ હતું.

# ઈજાગ્રસ્ત હાલતમાં નિલકંઠ જ્વેલર્સ વાળા કેતનભાઈ સોનીએ કર્યું મતદાન

અમરેલી,તા.૭


અમરેલીમાં આવેલા નિલકંઠ જ્વેલર્સના માલિક કેતનભાઈ સોનીને માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચી હતી.

ડોકટર દ્વારા સંપૂર્ણ આરામની સલાહ હોવા છતાં કેતનભાઈ સોની લોકશાહીના પર્વની ઉજવણી કરવા માટે સ્ટ્રેચર સાથે મતદાન કરવા



પહોચ્યા હતા. કેતનભાઈ સોનીએ મતદાન કરી લોકોને પ્રેરણા પુરી પાડી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# દિલીપ સંઘાણીએ પત્ની સાથે માળીલા ખાતે મતદાન કર્યું

અમરેલી,તા.૭

લોકશાહીનું પર્વ ઉજવવા માટે ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પોતાના વતન માળીલા ખાતે સજોડે મતદાન કર્યું. દિલીભાઈ સંઘાણી સાથે સ્થાનિક ગ્રામજનો પણ મતદાન માટે પહોચ્યા. માળીલા ગામના લોકો ગીતો ગાતા ગાતા મતદાન મથક પર પહોંચ્યા હતા. લોકશાહીનાં પર્વને



ઉજવવા વધુમાં વધુ મતદાન કરવા દિલીપભાઈ સંઘાણીએ અપીલ કરી હતી અને ભાજપ તરફી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

# ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનું પરિવાર સાથે દેવરાજીયામાં મતદાન

અમરેલી,તા.૭

અમરેલી લોકસભાની ગઈકાલે ચૂંટણી યોજાઈ હતી. જેમાં અમરેલી જિલ્લાના અનેક રાજકિય આગેવાનોએ મતદાન કર્યું હતું. મંગળવારે યોજાયેલી મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી-વડિયા-કુંકાવાવના મતવિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ





સહપરિવાર અમરેલી તાલુકાના દેવરાજીયા ગામ, તેમના વતન ખાતે મતદાન કર્યું હતું.

# લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ સજોડે મતદાન કર્યું

અમરેલી,તા.૭

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ પોતાના વતન લાઠી તાલુકાના જરખીયા ગામે સજોડે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.



ભાજપ તરફી વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોને અપીલ કરી હતી.

# કેન્દ્રીય મંત્રી પરશોતમ રૂપાલાએ ઈશ્વરીયાની શાળામાં મતદાન કર્યું



અમરેલી,તા.૭


કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ભાજપ ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પોતાના વતન ઈશ્વરીયા ગામે આવેલી પ્રાથમિક શાળા ખાતે વહેલી સવારે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

# જાપાનથી એક પરિવાર મતદાન માટે મહુવા પહોચ્યો

અમરેલી,તા.૭

અમરેલી લોકસભા સહિત સમગ્ર રાજયમાં મતદાનનું પર્વ યોજાયું હતું જેમાં શતાયુ મતદારોએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ત્યારે જાપાનના ટોક્યો શહેરમાંથી પણ એક



પરિવારે મહુવા ખાતે આવી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

# ખાંભાના હનુમાનપરામાં શતાયુ દંપતીનું મતદાન

અમરેલી,તા.૭

ખાંભાના હનુમાનપુર મુકામે શતાયુ દંપતી છનાભાઈ સાગઠીયા અને તેમના ધર્મપત્ની નાથીબેન છનાભાઈ સાગઠીયાએ મતદાન કરીને લોકશાહી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. લોકશાહીના મહાપર્વમાં નાગરિકો મતદાન કરીને લોકશાહીને સશક્ત



બનાવવા પોતાના મતાધિકાર અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરી પોતાનું કર્તવ્ય અને યોગદાન આપી રહ્યા છે.

# ધારાસભ્ય મહેશ કસવાળાએ અમદાવાદ ખાતે મતદાન કર્યું

અમરેલી,તા.૭

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પણ લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતાના ધર્મપત્ની સાથે અમદાવાદના



મણીનગર ખાતે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# નારણભાઈ કાછડીયાનું પરિવાર સાથે મતદાન



અમરેલી,તા.૭

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ પોતાના પુત્ર, પુત્રવધૂ, પૌત્ર અને પૌત્રીઓ સાથે પોતાના વતન ચરખડીયા ખાતે મતદાન કર્યું હતું.

# અમરેલીના પાણી દરવાજા સ્વામિનારાયણ મંદિર ખાતે છાસ વિતરણનો આરંભ

અમરેલી, તા.૭

અમરેલીના પાણી દરવાજા વિસ્તારમાં આવેલા મુખ્ય સ્વામિનારાયણ મંદિરના સ્વામી પૂ.ભકિતસંભવદાસજીની પ્રેરણાથી મંદિરે છાસ વિતરણ કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. મંદિરના કોઠારી



ગોપાલમુનિદાસજી સ્વામી તથા પૂ.શુક સ્વામી, હરીસ્વરૂપ સ્વામી વગેરે સંતો અને રાજેશભાઈ માંગરોળીયાની ઉપસ્થિતિમાં છાસ વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યનો અનેક લોકો લાભ લઈ રહ્યા છે. આ છાસ વિતરણ એક મહિના સુધી ચાલશે અને નિત્ય સવારે ૭.૩૦ વાગ્યે છાસ વિતરણ કરવામાં આવશે.

## અવસાન નોંધ

**અમરેલી**


કનુભાઇ પરશુરામભાઇ વ્યાસના ધર્મપત્ની ઉષાબેન (ઉ.વ.૭૦) તે હર્ષદભાઇ, પ્રવિણભાઇ, અતુલભાઇ અને વિનુભાઇના ભાભી, રાજેશભાઇ અને રવિભાઇના માતાનું તા. ૬ને સોમવારે અવસાન થયુ છે. સ્થાનિક અને પિયર પક્ષનું બેસણું તા. ૧૦ને શુક્રવારે સાંજે ૪ થી ૬ સહજ હોલ, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. લૌકિક અને ઉતરક્રિયા તા. ૧૬/૫ને ગુરૂવારે સહજ હોલ ખાતે રાખેલ છે.

**દામનગર**


દાઉદી વ્હોરા અબ્બાસઅલીભાઈ શરફઅલીભાઈ ભારમલ (ઉ.વ.૭૪ બેકરીવાળા) તે રશીદાબેનના પતિ, શબ્બીરભાઈ, સાદીકભાઈ, સજ્જાદભાઈ, કુતુબભાઈ, મ. રૂબાબબેન, મ. મુમતાઝબેનના ભાઈ, હોજેફાભાઈ, ઉમ્મે આઇમનબેન, ઇન્સિયાબેનના પિતા મિકાઇલભાઈ (રાજકોટ) ના સસરા રજબભાઈ, મ. હુસૈનભાઈના બનેવી તા.૬ મે સોમવારના રોજ દામનગર મુકામે વફાત પામેલ છે સદ્દગતની જીયારતના સિપારા તા.૮ મે ૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે દામનગર દાઉદી વ્હોરા મસ્જિદ ખાતે રાખવામાં આવેલ છે.


॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળઃ લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી









National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of India
રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર-મુંબઈના આર્થિક સહયોગથી
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
તથા
શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત
સુદર્શન નેત્રાલય-અમરેલી
ના સંયુકત ઉપક્રમે
વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ
: તારીખ : ૦૯-૦૫-૨૦૨૪ ગુરૂવાર
: સ્થળ : લાયન્સ હોલ પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.
: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦
:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬ | લા.વિનોદભાઈ આદ્રોજા
:: પ્રોજેકટ ચેરમેન :: લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦ ૫૨૫૮૧ | લા.સાહસ ઉપાધ્યાય
લા. બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી | લા. કિશોરભાઈ શિરોયા પ્રમુખ | લા. ઋજુલભાઈ ગોંડલીયા સેક્રેટરી
નોંધઃ બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે. અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે.
નોંધઃ દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે.
લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) પરિવાર

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI, ફાયર સેફટી, ANM, GNM, BSC, PBSC, D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી 7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/





વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

તંત્રી લેખ

## ઈરાન અમેરિકા સહિતના દેશો માટે માથાના દુ:ખાવા જેવું છે

દાયકાઓથી ઈરાન અમેરિકાની સામે પડેલું છે એક સમયે ઈરાનની પ્રજા શાંતિપ્રિય ગણાતી પરંતુ આજે વિશ્વમાં સૌથી વધારે અશાંતિ સર્જતી પ્રજા બની ગઈ છે. વિશ્વમતની વિરુદ્ધ જઈને ઈરાને પોતાના પરમાણુ કાર્યક્રમો ચાલુ રાખ્યા ઉપરાંત મધ્ય પૂર્વની અંદર તેણે અન્ય દેશો પર હુમલાઓ કર્યા. અમેરિકા સાથે સીધી દુશ્માવટ કરી હતી. અમેરિકાએ તેના પર પ્રતિબંધ મૂક્યા આમ છતાં ઈરાન અનેક દેશોમાં પોતાનું ઓઈલ વેચી રહ્યું છે આમ તેણે અમેરિકાના પ્રતિબંધોની ઐસીતૈસી કરીને પોતાનો વ્યાપાર ચાલુ રાખ્યો છે. ત્યારબાદ ઈરાન પર ઑઈલની નિકાસ માટે કડક પ્રતિબંધો મૂકવા માટે અરજીઓ કરવામાં આવી હતી. ઑઈલની નિકાસ ઈરાનની અર્થવ્યવસ્થાનું કેન્દ્રબિંદુ છે. ઈરાનના કસ્ટમ પ્રમુખના કહેવા પ્રમાણે, ઈરાન વિરુદ્ધ લેવાયેલાં પગલાં છતાં પણ ઈરાને વર્ષ ૨૦૨૪ના પહેલાં ત્રણ મહિનામાં ૩૫.૬ અબજ ડૉલરની કિંમતના ઑઇલની નિકાસ કરી હતી. આ આંકડો છેલ્લાં છ વર્ષમાં સૌથી ઊંચો છે. જોકે, સવાલ એ છે કે ઈરાન પર આટલા પ્રતિબંધો હોવા છતાં ઑઈલની નિકાસ કરીને નફો કેવી રીતે કરી રહ્યું છે. આ સવાલનો જવાબ ઈરાન પાસેથી સૌથી વધારે ઑઈલ ખરીદનાર ચીન કેવી રીતે વેપાર કરે છે તેની સાથે સંકળાયેલ છે. અમેરિકાની હાઉસ ફાઈનાન્શિયલ કમિટીના રિપોર્ટ પ્રમાણે, ઈરાનની નિકાસનો ૮૦ ટકા ભાગ ચીનમાં જાય છે. ચીન ઈરાન પાસેથી દરરોજ ૧૫ લાખ બેરલ ઑઈલ ખરીદે છે. ચીનની નાની રિફાઈનરીઓ મોટે ભાગે બેઈજિંગના દક્ષિણ-પૂર્વે આવેલા શેડોંગ વિસ્તારમાં હતી જે કીટલી જેવી દેખાતી હતી આ કારણે તેને ટીપૉટ્સ કહે છે."આ નાની રિફાઇનરીઓ ચીનની સરકારી કંપનીઓની તુલનામાં ઓછી જોખમી છે. કારણ કે, મોટી કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરે છે અને તેમને અમેરિકાના ફાઇનાન્શિયલ સિસ્ટમના ઍક્સેસની જરૂર પડે છે. "નાની રિફાઈનરીઓ ન તો વિદેશમાં વેપાર કરે છે, ના તેમને ડૉલરની જરૂર હોય છે. આ કારણે તેમને વિદેશી ફંડિગની ઍક્સેસની પણ જરૂર નથી.''નિકોલાડેઝે જણાવ્યું, "ઑઇલ ટૅન્કરોને વિશ્વભરના મહાસાગરોમાં સૉફ્ટવેર થકી ટ્રૅક કરવામાં આવે છે. ટ્રૅકર વડે ટેન્કરનું લોકેશન, સ્પીડ અને રસ્તા પર પણ નજર રાખવામાં આવે છે. "આ ટ્રૅકિંગ સિસ્ટમથી બચવા માટે ઈરાન અને ચીને ટૅન્કરોનું એક નેટવર્ક તૈયાર કર્યું છે, આ ટૅન્કરોના સાચા લોકેશનની જાણકારી મળતી નથી."માનવામાં આવે છે કે આ ફ્લીટ્સને શિપથી શિપ ટ્રાન્સફર કરવામાં આવે છે અને તે ચીન સાથે આંતરરાષ્ટ્રીય સમુદ્ર વિસ્તારમાં જ કરવામાં આવે છે, પરંતુ નક્કી કરેલા ટ્રાન્સફર ઝોનની બહાર થાય છે. આ ટ્રાન્સફર કેટલીક વખત ખરાબ વાતાવરણ દરમિયાન કરવામાં આવે છે જેથી કરીને લોકેશનને છુપાવી શકાય. આ રીતે ચીનમાં ઑઈલ કેવી રીતે પહોંચ્યું તે વિશે જાણકારી મેળવવી મુશ્કેલ છે. ઐતિહાસિક રૂપે ત્યાં ખૂબ જ મોટી સંખ્યામાં ટૅન્કરો આવે છે અને માલની ટ્રાન્સફર છે.'' માઈયા નિકોલાડેઝે જણાવ્યું કે પશ્ચિમી દેશો દ્વારા મૉનિટર કરનારી આંતરરાષ્ટ્રીય નાણાકીય સિસ્ટમનો ઉપયોગ કરવાને બદલે ઈરાન અને ચીન વચ્ચે લેવડ-દેવડ ચીનની નાની બૅન્કો થકી કરવામાં આવે છે. "ચીન ઈરાની ક્રૂડ ઑઈલની ખરીદીને જોડાયેલા જોખમોને વિશે સારી રીતે જાણે છે. ચીન આ કારણે આ પ્રકારની લેવડ-દેવડ માટે પોતાની મહત્ત્વપૂર્ણ બૅન્કોને સામેલ કરવા માંગતું નથી. ચીન નાની બૅન્કોનો ઉપયોગ કરે છે, જે બૅન્કને આંતરરાષ્ટ્રીય જોખમ નથી. "ડૉલરવાળી નાણાકીય પ્રણાલીથી બચવા માટે ઈરાનને ક્રૂડ ઑઈલ માટે ચુકવણી ચીનની મુદ્રામાં કરવામાં આવે છે. "આ પૈસા એ ચીનની બૅન્કોમાં જમા કરવામાં આવે છે જે ઈરાની શાસન સાથે જોડાયેલી છે. આ પૈસાનો ઉપયોગ પછી ચીનના સામાનને આયાત કરવા માટે કરવામાં આવે છે. આ પૈસાનો એક મોટો હિસ્સો ઈરાનને પાછો મોકલવામાં આવે છે." આ આખી સિસ્ટમ ખૂબ જ અસ્પષ્ટ છે અને સમજવું મુશ્કેલ છે કે બધા જ પૈસા ઈરાન પાછા મોકલવામાં આવે છે કે કેમ? ઈરાન ફાઈનાન્શિયલ ટ્રેલને છુપાવવા માટે પોતાના દેશની અંદર જ મની ઍક્સચેન્જ હાઉસનો ઉપયોગ કરે છે.

## અમરેલી તાલુકામાં ઘરફોડ ચોરી કરનાર તસ્કર ૧૪ વર્ષે ઝડપાયો



અમરેલી,તા.૭

અમરેલી તાલુકા પોલીસ મથકમાં ૨૦૦૯માં ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં છેલ્લા ૧૪ વર્ષથી આરોપી ફરાર હતો. ત્યારે લોકસભા ચૂંટણીને પગલે નાસતા-ફરતા આરોપીઓને ઝડપવા માટે અમરેલી જિલ્લા પોલીસવડા હિંમકરસિંહની સૂચનાથી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે અમરેલી એલસીબી પીઆઈ એ.એમ.પટેલની રાહબરી નીચે ટીમે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર શખ્સને ઝડપી લીધો હતો. ઘરફોડ ચોરીના આરોપીને ઝડપી પાડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાવરકુંડલામાં કિન્નરોએ લોકશાહીનું પર્વ ઉજવ્યું



સાવરકુંડલા,તા.૭

સાવરકુંડલા ખાતે આવેલ કિન્નર મઠમાં રહેતા કિન્નરો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. કિન્નરોએ સાથે મળી ઘેલાણી સ્કૂલ ખાતે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

## અમરેલીમાં કતલખાને ધકેલાતા ૯ અબોલ જીવો બચાવાયા

### પોલીસે કુલ રૂ.૭,૧૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા.૭

અમરેલીમાં લાઠી ચોકડી પાસે રોડ ઉપરથી પોલીસે કતલખાને ધકેલાતા ૯ અબોલ જીવોને બચાવી લીધા હતા. રફીકભાઈ હબીબભાઈ ખોરાણી તથા અફઝલભાઈ ઈસ્માઈલભાઈ ખોરાણી ટ્રક નંબર જીજે-૧૪-ડબલ્યુ-૧૯૪૩માં ૯ ભેંસોને કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર કતલ કરવાના ઈરાદે, ખીચોખીચ ભરી લઈ જતાં ઝડપાયા હતા. પોલીસે ટ્રક, ભેંસો મળી કુલ રૂ. ૭,૧૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી.લાપા વધુ તપાસ કરી રહ્યા છે.

## નવી માંડરડી ગામે ભાભીએ દિયરને ચારિત્ર્ય પર શંકા કરવાની ના પાડતાં કોશ મારી

### જાનથી મારવાની પણ ધમકી આપી

રાજુલા, તા.૭

રાજુલાના નવા માંડરડી ગામે રહેતી એક પરિણીતાએ તેના ચારિત્ર્ય પર શંકા કરવાની ના પાડતાં કોશથી મુંઢમાર માર્યો હતો તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે શારદાબેન બાલુભાઈ જીંજાળા (ઉ.વ.૩૭)એ આતુભાઈ બચુભાઈ જીંજાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા તેમના જેઠાણી સવિતાબેન મરણના કામે ગામમાં જતા હતા ત્યારે આરોપી દિયરે ત્યાં આવી, તું કેમ તારા મામા-ફઈનાઓ સાથે ફોટા પાડે છે તેમ કહી ચારિત્ર્ય ઉપર શંકા કરવા લાગ્યા હતા. જેથી તેમણે આતુભાઈને આવુ નહીં કહેવા સમજાવતા જેમ ફાવે તેમ ગાળો આપી પોતાના હાથમાં હળની કોશ લાવી શરીરે બંને હાથે તથા કાંડાના ભાગે તથા પેટના ભાગે મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## જે.વી. કાકડીયા અને હિરાભાઈ સોલંકીએ પરીવાર સાથે મતદાન કર્યું





અમરેલી,તા.૭

ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી.કાકડીયાએ સજોડે પોતાના વતન ચલાલા ખાતે મતદાન કર્યુ હતું. જયારે રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ પોતાના વતન ખાતે સહપરિવાર મતદાન કર્યુ હતું.

## મેરીયાણા ગામે ભત્રીજીને ફોન કરવા મુદ્દે ઠપકો આપતાં છરી બતાવી જાનથી મારવાની ધમકી

### ઢીકાપાટુનો મુંઢ માર પણ માર્યો

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલાના મેરીયાણા ગામે રહેતા એક પુરુષે તેની ભત્રીજીને ફોન કરવા મુદ્દે ઠપકો આપતાં તેના પર સાત લોકોએ હુમલો કર્યો હતો. ઉપરાંત મુંઢમાર માર્યો હતો તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અલ્પેશભાઈ મનસુખભાઈ ખતરાણી (ઉ.વ.૩૮)એ કુંભણ ગામના સુધીરભાઈ જસુભાઈ વાઘેલા, રાહુલભાઈ દેવશીભાઈ ડાભી સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સુધીરભાઈ વાઘેલા તેમની ભત્રીજીને ફોન કરતા હોઈ જે બાબતે તેમણે ઠપકો આપતા સારૂ નહોતું લાગ્યું. જેથી સાતેય આરોપીએ એકસંપ થઈ તેમના ગામ મેરીયાણાના ખેતીવાડી ગોડાઉન પાસે સમાધાનના બહાને બોલાવ્યા હતા. જે બાદ ફરિયાદી તથા સાહેદ જીતેન્દ્રભાઈને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો, તેમજ છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી.નાંદવા વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારી ખાતે વેપારી અગ્રણીએ પરિવાર સાથે મતદાન કર્યું



ધારી,તા.૭

અમરેલી જીલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા પ્રયાસ કરાયા હતા. વેપારી અગ્રણી અને એગ્રો એસોસિએશન ધારીના પ્રમુખ વિનુભાઈ કાથરોટીયાએ ધારી ખાતે પરિવાર સાથે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી. અને ધારી તાલુકામાં મતદાન બાબતે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અમાસ
તા. ૦૮-૦૫-૨૦૨૪, બુધવાર, સૂર્યોદય-૦૫:૩૪,
સૂર્યાસ્ત-૦૭:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર

મેષ: વેપારમાં લાભ પ્રાપ્તિ માટે કરેલાં નવા કરાર વિકસિત થશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. ઘરની દેખરેખ તથા સજાવટને લગતા કાર્યોમાં સારો સમય પસાર થશે.

વૃષભ: વેપારમાં આજે પરિસ્થિતિ સામાન્ય જ રહેશે. આજે દોડભાગ વધારે રહેશે પરંતુ સફળતા મળવાથી સુખ પણ મળશે.

મિથુન: બેદરકારી અને મોડું કરવાથી કોઇ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

કર્ક: ઘરના કોઇ સભ્યની નકારાત્મક ગતિવિધિથી તમને ચિંતા થઇ શકે છે. લગ્ન યોગ્ય વ્યક્તિઓ માટે ઉત્તમ સંબંધ આવે તેવી શક્યતા છે.

સિંહ: મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો.

કન્યા: કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે.

તુલા:સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો.

વૃશ્ચિક: કાર્યક્ષેત્રમાં શાંતિથી કાર્ય પૂર્ણ થતાં જશે. ધન પ્રાપ્તિની દિશામાં કરેલાં પ્લાનમાં સફળતા પ્રાપ્ત થઇ શકે છે.

ધન: ખર્ચ વધારે રહેવાની અસર તમારી શાંતિ અને ઊંઘ ઉપર થઇ શકે છે. વ્યાપારિક સ્પર્ધામાં આજે તમને કોઇ વિશેષ સફળતા પ્રાપ્ત થવાની છે.

મકર: પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઇ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં.

કુંભ: કામકાજને લઇને થોડો ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો લાભદાયક રહેશે. ઇન્ફેક્શન અને તાવની સ્થિતિ રહી શકે છે.

મીન: કાર્યક્ષેત્રમાં કરવામાં આવેલી મહેનતનું યોગ્ય પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. ધનને લગતી નીતિઓમાં કોઇપણ પ્રકારની ઉતાવળ ન કરો.

## બગસરા એસટી ડેપોમાં યુરીનલ સફાઈનાં અભાવે મુસાફરોમાં રોષ

બગસરા તા. ૭

બગસરા એસટી ડેપોમાં યુરીનલમાં સફાઈનાં આભાવે ગંદકી અને ભારે દુર્ગંધને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડેપોમાં રોજ બહોળી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહેતી હોય છે અને બસમાંથી ઉતરી બસ સ્ટેન્ડમાં આવતા જ માથુ ફાડી નાખે તેવી દુર્ગંધથી લોકો પરેશાન થઈ જાય છે. ડેપોમાં સફાઈકર્મીનું પેસેન્જર સાથે મનસ્વી વર્તન અને બેફામ રુપિયા ઉઘરાવાતા હોવાને કારણે ડેપો મેનેજર દ્વારા સફાઈકર્મીને છૂટા કરાયા છે. જોકે છૂટા કર્યાના સાત દિવસ થવા છતાં હજુ સુધી નવા કર્મચારીની ભરતી કરવામાં આવી નથી.

જેના કારણે યુરીનલમાંથી મળ-મૂત્ર બહાર આવતા લોકોને યુરીનલમાં જવું તો ઠીક પણ ડેપોમાં બેસવું પણ મુશ્કેલ બની ગયું છે. માત્ર પેસેન્જરો જ નહીં પણ અહીં કામ કરતાં કર્મચારીઓ પણ આ દુર્ગંધથી પરેશાન છે.

જિલ્લામાં વાહન અકસ્માતની સંખ્યામાં થઈ રહ્યો છે ચોંકાવનારો વધારો

## સા.કુંડલાના જીરા ગામના પુરુષનું બોલેરો અડફેટે ભોરીંગડા પાસે કરૂણ મોત

### જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના નોંધાઈ

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ ત્રણ ઘટના નોંધાઈ હતી, જેમાં બે લોકોના મૃત્યુ થયા હતા. સાવરકુંડલાના જીરા ગામના અને હાલ સુરત રહેતા નાનજીભાઈ ભુરાભાઈ વાવડીયા (ઉ.વ.૫૩)એ બોલેરો પીકઅપ નંબર જીજે-૩૫-ટી-૦૭૪૭ નંબરના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેની પીકઅપ ભોરીંગડાથી ભોરીંગડા ચોકડી વચ્ચે બેફામ ચલાવી તેમના ભત્રીજા ભાર્ગવભાઈની મોટર સાયકલને ટક્કર મારી હતી. જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતનો બીજો બનાવ રાજુલા ટાઉનમાં બન્યો હતો. કાસુભાઈ નરૂભાઈ જાખરા (ઉ.વ.૩૬)એ સુપર કેરી લોડિંગ વાહન નંબર જીજે-૧૪-ઝેડ-૨૫૬૧ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ભાણીયો જાવીદભાઈ તાજુભાઈ સમા પોતાનું મો.સા. લઈને રાજુલાથી પોતાના ઘરે જતો હતો ત્યારે સા.કુંડલા રોડ ઉપર નચીકેતા સ્કૂલ પાસે સામેથી સુપર કેરી લોડિંગ વાહન નં.GJ-૧૪-Z-૨૫૬૧ ના ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ગફલત ભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી ટક્કર મારી હતી. જેથી ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. અમરેલીમાં રહેતા બીપીનપરબત દેવપરબત ગોસાઈ (ઉ.વ.૪૮) એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, સાહેદ દેવપરબત અરજણપરબત મોપેડ લઈને ચિત્તલ રોડે ફોરવર્ડ સર્કલ તરફ જતા હતા તે દરમિયાન અજાણ્યા વાહનચાલકે આવી ટક્કર મારતાં ઈજા પહોંચી હતી.


હાર્દિક અભિનંદન

અમરેલી જિલ્લાના ખેડૂતોને સહકારી ક્ષેત્ર મારફત વિવિધ સરકારી યોજનાઓનો અવિરત લાભ અપાવનાર ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીની ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા




શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી

શુભેચ્છક

શ્રી નાથાભાઈ લક્ષ્મણભાઈ સાવલીયા –પ્રમુખશ્રી
શ્રી રમેશભાઈ લવજીભાઈ સાવલીયા– મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રી
માલવણ સેવા સહકારી મંડળી લી, તા.જી.અમરેલી

હાર્દિક અભિનંદન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી

અમરેલી જિલ્લાના પનોતા પુત્ર અને ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીની ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક

શ્રી નાગજીભાઈ કરમશીભાઈ મકાણી –પ્રમુખશ્રી
શ્રી હંસરાજભાઈ જેઠાભાઈ હપાણી –ઉપપ્રમુખશ્રી
શ્રી ઘનશ્યામભાઈ ભીખુભાઈ હપાણી –મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
દહીડા સેવા સહકારી મંડળી લી. દહીડા, તા.અમરેલી




"છપ્પન ઈંચ" : - ઓઘડનો કેરીગાળો

# નેતાઓની સેક્સ ટેપમાં કર્ણાટક સૌથી આગળ



કર્ણાટકમાં ફરી સેક્સ કાંડ ગાજ્યું છે.

કર્ણાટકમાં લોકસભાની ચૂંટણી સમયે જ જેડીએસના સાંસદ પ્રજ્વલ રેવન્નાની સેક્સ સીડીઓ ફરતી થતાં હાહાકાર મચી ગયો છે. પ્રજ્વલ ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાનો પૌત્ર છે. દેવગૌડાના મોટા પુત્ર રેવન્નાનો પુત્ર પ્રજ્વલ હાસ્સન લોકસભા બેઠકનો ઉમેદવાર છે. હાસ્સનમાં ૨૬ એપ્રિલે મતદાનના બે દિવસ પહેલાં ફરતી કરાયેલી પેન ડ્રાઈવમાં પ્રજ્વલના ૩૦૦૦ જેટલા પોર્ન વીડિયો, અંગત પળોના ફોટા વગેરે ફરતા થતાં જ સનસનાટી મચી ગયેલી. આ વીડિયો બહાર આવ્યા પછી પ્રજ્વલ જર્મની ભાગી ગયો જ્યારે કર્ણાટક સરકારે સેક્સ કાંડની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવી છે.

આ તપાસ શરૂ થઈ એ વખતે જ પ્રજ્વલના પિતા સામે પણ બળાત્કારની ફરિયાદ નોંધાઈ છે. પ્રજ્વલના ઘરે કામ કરતી મહિલાએ પ્રજ્વલના ધારાસભ્ય બાપ રેવન્નાએ પોતાના પર બળાત્કાર કરીને વારંવાર શરીર સંબધ બાંધ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી દીધી છે. પ્રજ્વલ પણ તેની દીકરીને વીડિયો કોલ કરીને અશ્લીલ વાતો કરતો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. પ્રજ્વલની માતા ભવાનીની સંબંધી એવી મહિલાના આક્ષેપ પ્રમાણે, રેવન્ના અને પ્રજ્વલ નોકરાણીઓને સ્ટોર રૂમમાં બોલાવીને મજબૂરીનો લાભ ઉઠાવીને શરીર સંબંધો બાંધતા હતા. આ ફરિયાદના પગલે બીજી બે યુવતીઓએ પણ રેવન્ના અને પ્રજ્વલ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. તેમાં એક તો જિલ્લા પરિષદની સભ્ય છે.

પ્રજ્વલના સેક્સ કાંડમાં જે વિગતો બહાર આવી છે એ હચમચાવી નાંખનારી છે. માત્ર ૩૩ વર્ષના પ્રજ્વલે હજારો યુવતીઓને હવસનો શિકાર બનાવી છે એ જોતાં આ સેક્સ કાંડ કર્ણાટકનો જ નહીં પણ દેશનો સૌથી મોટો સેક્સ કાંડ છે.

■■■

કર્ણાટકમાં નેતાઓના સેક્સ કાંડ નવા નથી.

ભારતના બીજા કોઈ રાજ્ય કરતાં વધારે સેક્સ કાંડ કર્ણાટકમાં થયાં છે.

આ પહેલાં ૨૦૨૧ના માર્ચમાં રમેશ જર્કિહોલીનું સેક્સ કાંડ ગાજ્યું હતું ને તેના કારણે જર્કિહોલીએ રાજીનામું ધરી દેવું પડેલું. એ વખતે કર્ણાટકમાં ભાજપના યેદુરપ્પા મુખ્યમંત્રી હતા ને રમેશ જર્કિહોલી યેદુરપ્પા સરકારમાં જળ સંસાધન મંત્રી હતા. જર્કિહોલી મૂળ તો કોંગ્રેસી નેતા હતા પણ કુમારસ્વામીની સરકારને ગબડાવવા માટે ભાજપે જે ધારાસભ્યોને ફોડ્યા તેમાં જર્કિહોલી પણ એક હતા તેથી તેમને કોંગ્રેસ સાથે ગદ્દારીના બદલારૂપે મંત્રી બનાવાયા હતા.

રમેશ જર્કિહોલી એક યુવતી સાથે હોટલના રૂમમાં કામક્રિડા કરતા હોય એવી સેક્સ ટેપ દિનેશ કલાહલ્લી નામના સામાજિક કાર્યકરે બહાર પાડી તેમાં જર્કિહોલીએ રાજીનામું ધરી દેવું પડ્યું હતું. કલ્લાહલીનો દાવો હતો કે, જર્કિહોલીએ યુવતીને સરકારી નોકરી આપવાની લાલચ આપીને પોતાની હવસનો શિકાર બનાવી હતી હતી. યુવતી સાથેના સેક્સની તેમણે ટેપ બનાવી લીધી હતી ને તેને બ્લેકમેઈલ કરતા હતા.

જર્કિહોલીએ યુવતીને વારંવાર હવસનો શિકાર બનાવીને શરીર સંબંધ બાંધ્યા પણ સરકારી નોકરી ના આપી. ઉલટાનું તેને બદનામ કરવાની ધમકીઓ આપવા માંડી હતી. આ બધાથી મધ્યમવર્ગીય યુવતી થાકી ગઈ હતી પણ એક પાવરફુલ મિનિસ્ટર સામે લડવાનું ગજું નહોતું તેથી કલ્લાહલીનો સંપર્ક કર્યો. કલ્લાહલી નાગરિક હક્કુ હોરાત સમિતિ નામે સંગઠન ચલાવે છે. તેમણે આ સેક્સ ટેપ સાથે પોલીસનો સંપર્ક કર્યો અને મીડિયાને સેક્સ ટેપ આપીને જર્કિહોલીનો ભાંડો ફોડી નાંખ્યો. યુવતીએ છ વીડિયો બહાર પાડ્યા હતા. વીડિયોમાં યુવતીએ માત્ર જર્કિહોલીને જ નિશાન બનાવ્યા હતા પણ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા બીજા નેતાઓએ પણ યુવતી સાથે રંગરેલિયાં મનાવ્યાં હોવાની વાતો વહેતી થયેલી.

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

સેક્સ ટેપ બહાર આવ્યા પછી પોલીસે ફરિયાદ નોંધી પણ રમેશ જર્કિહોલીની ધરપકડ થઈ નહોતી કે ભાજપે તેમને સસ્પેન્ડ કર્યા નહોતા. આ મામલે રાજકીય દાવપેચ પણ થયેલા. રમેશ જર્કિહોલીની સેક્સ ટેપ કેસમાં દેખાયેલી યુવતીનાં માતા-પિતાએ કોંગ્રેસના નેતા ડી.કે. શિવકુમારે યુવતીને છૂપાવી રાખી હોવાનો તથા તેનો ઉપયોગ રાજકીય હિસાબ સરભર કરવા કરી રહ્યા હોવાનો આક્ષેપ કરેલો.

યુવતીના પિતા એક્સ-સર્વિસમેન છે. તેમણે આક્ષેપ કર્યો કે, શિવકુમાર યુવતીને ગોવા મોકલી દેવાની ફિરાકમાં છે એવો આક્ષેપ પણ કર્યો. જર્કિહોલીએ શિવકુમારને કાયર ગણાવીને યુવતીની આડમાં ગંદુ રાજકારણ રમવાનો આક્ષેપ મૂક્યો હતો. આ આક્ષેપબાજી બહુ લાંબી ચાલી નહોતી પણ વિવાદ પણ પતી ગયો. આ વાતને પાંચ વર્ષ થઈ ગયાં પણ હજુ સુધી કર્ણાટક પોલીસે ટેપ સાચી છે કે નહીં તેનું વેરીફિકેશન પણ કર્યું નથી.

■■■

કર્ણાટકના બીજા એક મંત્રી અરવિંદ લિમ્બાવલીની સેક્સ ટેપ ૨૦૧૯માં બહાર આવેલી.

અરવિંદ લિમ્બાવલીની સેક્સ સીડી ફરતી થઈ ત્યારે લિમ્બાવલી પણ યેદુરપ્પા સરકારમાં કેબિનેટ મિનિસ્ટર છે. રસપ્રદ વાત એ છે કે, લિમ્બાવલીની સેક્સ ટેપ કોઈ યુવતી સાથે નહીં પણ એક છોકરા સાથે હતી. લિમ્બાવલી છોકરા સાથે સજાતિય સેક્સ માણતા હોય એવી ટેપે ખળભળાટ મચાવ્યો હતો. લિમ્બાવલીએ આ ટેપ નકલી હોવાનો દાવો કરીને યેદુરપ્પાને તેની તપાસ કરાવવા કહેલું. આ ટેપની ફોરેન્સિક તપાસ કરાઈ અને પાંચ મહિના પછી આવેલા રિપોર્ટમાં ટેપ ખોટી હોવાનું કહેવાયેલું પણ ભાજપના નેતાઓનું જ માનવું હતું કે લિમ્બાવલીએ બધું મેનેજ કરીને ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ પાસેથી ક્લીન ચીટ મેળવી હતી.

કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય પ્રકાશ રાઠોડ અશ્લિલ ક્લિપ જોતા કેમેરામાં કેદ થઈ ગયા હતા. ૨૦૨૧ના જાન્યુઆરીમાં બનેલી ઘટનામાં વિધાનસભાની કાર્યવાહી ચાલતી હતી ત્યારે રાઠોડ પાછળની હરોળમાં બેઠા બેઠા પોર્ન ક્લિપિંગ્સ જોતા હતા. ટીવી ચેનલોના કેમેરામાં રાઠોડની આ હરકત ઝડપાઈ ગઈ હતી.

રાઠોડે એવો લૂલો બચાવ કર્યો કે, પોતે નકામા મેસેજ ડીલીટ કરતા હતા. તેમણે પોતે પોર્ન ક્લિપ જોતા હતા એ વાત પણ નકારી હતી પણ આ બચાવ ગળે ઉતરે એવો નહોતો કેમ કે રાઠોડ પોર્ન ક્લિપ જોતા હતા એ સ્પષ્ટ રીતે જોઈ શકાતું હતું. આ પહેલાં ૨૦૧૨માં ભાજપના લક્ષ્મણ સવાદી બીજા બે ધારાસભ્યો કૃષ્ણા પાલેમાર અને સી.સી. પાટિલ સાથે વિધાનસભામાં પોર્ન ફિલ્મ જોતા ઝડપાયા હતા. સવાદી પાછળથી નાયબ મુખ્યમંત્રી બન્યા હતા જ્યારે કૃષ્ણા પાલેમાર અને સી.સી. પાટિલ પ્રધાન બન્યા હતા.

રાજ્યના ગૃહ મંત્રાલયે કરેલી તપાસમાં સવાદીને ક્લીન ચીટ આપવામાં આવી હતી પણ સીસીટીવીમાં ધારાસભ્યો પોર્ન ક્લિપ જોતા હતા એ સ્પષ્ટ દેખાતું હતું.

■■■

કર્ણાટકમાં કોંગ્રેસના મંત્રીની સેક્સ ટેપ પણ બહાર આવી છે.

કોંગ્રેસના સિધ્ધારામૈયા સરકારમાં એક્સાઈઝ મંત્રી એવા મેતીની ૨૦૧૫માં સેક્સ ટેપ બહાર આવી હતી. મેતી પાસે સરકારી નોકરી કરતી એક યુવતી ટ્રાન્સફર માટે આવી હતી. મેતીએ ટ્રાન્સફર કરાવી આપવાના બદલામાં પોતાની સાથે શરીર સંબંધ બાંધવાની શરત મૂકી હતી. યુવતીએ આ શરત માનીને મેતી સાથે સંબંધ બાંધ્યા પણ મેતીએ તેનો વીડિયો ઉતારી લીધો અને યુવતીને બ્લેકમેઈલ કરવા માંડ્યા.

યુવતીએ એક દિવસ મેતીના ફોનમાંથી પોતાના ફોનમાં વીડિયો ટ્રાન્સફર કરી લીધો અને વાયરલ કરી દીધો. વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચી ગયો અને મેતીએ રાજીનામું આપવું પડ્યું. મેતીએ પછીથી યુવતી સાથે સમાધાન કરી લેતાં યુવતીએ ફરિયાદ પાછી ખેંચી લેતાં મેતી બળાત્કારના આરોપમાંથી બચી ગયા.

૨૦૦૯માં ભાજપની પહેલી યેદુરપ્પા સરકારના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી હરતાલુ હલપ્પાના તેમની મિત્રની પત્ની સાથેની સેક્સ ટેપ ફરતી થયેલી. આ ટેપના પગલે મિત્રની પત્નીએ હલપ્પા સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. ૨૦૧૭માં અપૂરતા પુરાવાના અભાવે હલપ્પા નિર્દોષ છૂટી ગયા હતા. ૨૦૦૯માં જ ઉડુપીના ધારાસભ્ય રઘુપતિ ભટ્ટની સેક્સ ટેપ બહાર આવતાં તેમણે પણ રાજીનામું ધરી દેવું પડ્યું હતું.

૨૦૦૭માં ભાજપ-જેડીએસ સરકારના મંત્રી રેણુકાચાર્યની એક નર્સ સાથેની સેક્સ ટેપ ફરતી થયેલી.

નર્સે પોતે આ ટેપ સાચી હોવાનું સ્વીકારીને આક્ષેપ મૂકેલો કે, રેણુકાચાર્ય પોતાની વગનો ઉપયોગ કરીને પોતાને પરેશાન કરતા હતા અને બળજબરીથી પોતાને કિસ કરતા હોય એવા ફોટા પાડી લીધેલા. તેના આધારે બ્લેકમેઈલિંગ કરીને પોતાની સાથે શરીર સંબંધ બાંધવાની ફરજ પાડીને વીડિયો ઉતારી લીધો હતો. રેણુકાચાર્યે નર્સ સાથે લગ્નનું નાટક પણ કરેલું પણ તેમને તેની સાથે શરીર સંબંધમાં જ રસ હતો.

આ તો થોડાક છાપે ચડેલા કિસ્સા છે. બાકી સેક્સ કાંડ થયા હોય, મીડિયામાં વિગતો આવી હોય પણ પછી સમાધાન કરીને ભીનું સંકેલી લેવાયું હોય એવા તો બીજા ઘણા કિસ્સા છે. ■

sanjogpurti@gmail.com

# એમની આબરૂનો સવાલ



**એમને અમે કોંગ્રેસનો ભવ્ય વિજય થાય એવી શુભેચ્છાઓ આપી તો એમને ૧૦.૨૦ની તીવ્રતાનું ખોટું લાગી ગયુ. મને કે- યાર, હું તો હવે ભાજપમાં છું...' ભાજપ મોટો પક્ષ હોવાથી એમની ઓફિસે અમને કોઇ ગણતું નો'તું... અહિયાં તો વગર મેન્ડેટે ઉમેદવાર બની જઇએ તોય કોઇ કાંઇ બોલે નહી...! જે જાહેરમાં તમારી સાથે ચાલ્યા છે એમને ખાનગીમાં તમારી સાથે ચાલવું જ પડે કારણ કે એમની આબરૂનો સવાલ બની જાય છે.**

અમરેલી જીલ્લામાં ચૂંટણીના કારણે અનેક ચમત્કારીક બનાવો બન્યા છે. હજી ગઈ કાલ સુધી એક મિત્ર અમારી સાથે કોંગ્રેસ માટે થઈને જાન પણ કુરબાન કરવાની **9.8**ની વાતો કરતા હતા એમને અમે કોંગ્રેસનો ભવ્ય વિજય થાય એવી શુભેચ્છાઓ આપી તો એમને ૧૦.૨૦ની તીવ્રતાનું ખોટું લાગી ગયું. મને કે'- 'યાર, હું તો હવે ભાજપમાં છું...' અમારે તાત્કાલિક શુભેચ્છાઓ પાછી ખેંચી લેવી પડી... કેમ કે આપડે સંબંધો બધે રાખવાના હોય...

પણ ભાજપમાંથી અમારા ઢગલાબંધ મિત્રોનું કોંગ્રેસીકરણ થયું. એક મિત્રએ કહ્યું કે, 'સાલું, અસલી મજા તો કોંગ્રેસમાં જ છે. ભાજપ મોટો પક્ષ હોવાથી એમની ઓફિસે અમને કોઈ ગણતું નો'તું... અહિયાં તો વગર મેન્ડેટે ઉમેદવાર બની જઈએ તોય કોઈ કાંઈ બોલે નહીં...!'

રાજકારણમાં ચૂટણી એક એવો મિસ્ટ્રિયસ જંગ છે જેમાં અંતિમ તબક્કામાં દર કલાકે ચિત્ર બદલાય છે. રાજકારણમાં કોઈ કાયમી શત્રુ કે કાયમી મિત્ર હોતો નથી એટલે આપણે મૂરતિયા બનીએ એટલે ઉમેદવારી નોંધાવીએ અને ચૂંટણી એકદમ નજીક આવે પછી ચિત્ર એકદમ ધૂંધળું બની જાય છે. ખબર નથી પડતી કે લશ્કર ક્યાં લડી રહ્યું છે. ક્ષણભરમાં દોસ્ત હોય તે દુશ્મન બની જાય અને દુશ્મન ઘડીભરમાં દોસ્ત બની જાય એવી ઘટનાઓના ઉફાણા આવ્યા કરે. આપણા ખાસ માણસો દેખાતા બંધ થઈ જાય. ફોન કરીએ તો કહે - 'હમણા કામમાં છું.' ખરેખર એ કોઈ કામમાં ન હોય તો પણ આ દિવસોમાં એને ઘઘલાવી નાખવાનું રિસ્ક આપણે લઈ શકતા નથી. કેમ કે ડિપોઝિટ એક મત માટે થઈને ડૂલ થવાની હોય તો આ એક મત કામ લાગી શકે એવી કસી કસીને આપણે કરકસરભરી ગણતરીઓ કરતા હોઈએ...!

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

તો પાછા આપણે ઓળખતા પણ ન હોઈએ એવા લોકો આપણા ખાસ મિત્ર તરીકે ફૂટી નીકળે. મિત્રના રૂપમાં જ દુશ્મન તમારી સાથે હોય અને દુશ્મનના રૂપમાં દૂર રહેલો માણસ મિત્ર હોય, એવું આપણને કોઈએ કીધેલું હોય એટલે એમાં પણ આપણે કન્ફ્યુઝનના કરંડિયામાં પૂરાયેલા હોઈએ. પણ... ખાનગી હોય કે જાહેર હોય, કોન્ટેક્ટ મહત્વની ચીજ છે. રાજકારણમાં આવી અંધાધૂંધ અને ન કળાય તેવી સ્થિતિમાં એક સૂત્ર યાદ રાખવા જેવું - 'જો સાથ મેં નહીં હૈ, વો સામને હૈ...' મતલબ કે જે જાહેરમાં તમારી સાથે ચાલ્યા છે એમને ખાનગીમાં તમારી સાથે ચાલવું જ પડે કારણ કે એમની આબરૂનો સવાલ બની જાય છે. એમને ય પછી સાંભળવું પડે...

■ naranbaraiya277@gmail.com

# મદદનો ભાવ સદાય રાખો...



ગુજરાતીમાં એક કહેવત છે "પારકી આશા સદા નિરાશા" તેનો ભાવાર્થ સમજવાની તાતી જરૂરી છે. ઝાઝા હાથ રળિયામણા એટલે તો પરિવારમાં ભેગા રહેવું, ભેગા જમવું અને ભેગા મળીને ભવોભવનું સારું કાર્ય નિર્માણ કરવું જેથી નવયુવાન પેઢીમાં પારિવારિક ભાવના કેળવાય અને અનુભવાય.

પદ્મશ્રી ભીખુદાન ગઢવી તેમના લોક સાહિત્ય ડાયરામાં અચૂક કહે છે કે વ્યક્તિને તકલીફ હોય ત્યારે તેને મદદ કરનારા વ્યક્તિ એક વખત એમ કહી દે ચિંતા ના કર બધું થઈ જશે. આટલું કહેવાથી તકલીફ વાળા વ્યક્તિને હૂંફ અને હવા બંને મળી રહે છે. ગણેશ તેમના કાર્યો નિર્વિઘ્ન પૂર્ણ કરે છે.

કોઈકની મદદ માટે લાંબો કરેલો હાથ ચારધામની યાત્રા જેટલું પુણ્ય આપે છે. આ જીવન નાશવંત છે એટલે એકબીજાને મદદ કરતા રહીએ. પ્રભુએ આપેલી લક્ષ્મીને પ્રસાદ સમજી જરૂરિયાતમંદને આપવી તે સૌથી સારી બાબત છે. કેટલાક લક્ષ્મીચંદો હરામનું ભેગું કરે અને પેઢીને બરબાદ કરે તેવી સ્થિતિ સમાજમાં રોજબરોજ જોવા મળતી હોય છે. તમે જે મદદ કરો છો તેનું ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત કુદરત પાછું આપે છે. મદદ કરવાનો સ્વભાવ અને ભાવ સતત રાખવો જેથી માનવ સમુદાયમાં સારો સંદેશ આપી શકાય છે.


૨૧મી સદી જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. ગમે તેટલો ભૌતિકવાદ આવશે પરંતુ માનવતાવાદ નહીં આવે તો આ પૃથ્વી ઉપર નરક જ છે. આજે દેખાવ અને આડંબરના કારણે માનવી પોતાની પ્રતિષ્ઠા વધારવા જે છે તે ગુમાવી રહ્યો છે. મા બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે અને કોઈક સારા ધાર્મિક નિર્માણ કાર્યમાં તકતી મરાવે તેનો કોઈ અર્થ ખરો ? સંપ્રદાયના લોકો ખેડૂતોની જમીન હડપ કરીને તોતિંગ મંદિરો, મસ્જિદ અને ચર્ચ બનાવે તેનો કોઈ અર્થ ખરો ? શ્રેષ્ઠ સમાજ નિર્માણ કરવા માટે સમજ શક્તિ ખૂબ જરૂરી છે. વધુ ઉત્પાદન કરવા માટે વધુ ખાતર અને દવા નાખે અને ઉત્પાદન વધારે જેથી લોકો ખાય પછી રામ બોલો ભાઈ રામ..

સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

ભારત આધ્યાત્મિકતા અને માનવતાવાદ ધરાવતો દેશ છે. આજે અનેક આપત્તિ વચ્ચે લોકો જીવે છે. એકબીજાને મદદ કરવી તે મોટો ધર્મ છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે ''જે ધર્મ વિધવા અને ગરીબના આંસુ લૂછી શકતો નથી તે ધર્મમાં હું માનતો નથી''. આજે ગરીબ હોવાનો ડોળ કરીને પંડિત દિન દયાલ સરકારી અનાજની દુકાનમાંથી મફતનું ખાઈને દેશને બરબાદ કરવા સિવાયનું કોઈ કાર્ય થતું નથી. ગરીબની વ્યાખ્યા શું હોઈ શકે ? જમીન, બાઈક, ટ્રેક્ટર, પાકું મકાન અને આવકનો સારો સ્ત્રોત તેમ છતાં બીપીએલ કાર્ડ મામલતદાર કચેરી કાઢી આપે છે તેમને રાષ્ટ્રધર્મના વ્યક્તિ કહી શકાય ? જરૂરિયાતને મદદ કરવી તે મોટો ધર્મ છે. પરંતુ મફતની ખાવાની ટેવ દેશને બરબાદીની ખાઈમાં લઈ જાય છે. સરકાર પણ વોટ લેવા માટે લોકોને મફત ખવડાવીને કમજોર બનાવી રહી છે. આ વાસ્તવિકતા છે. બીપીએલ કાર્ડનો સર્વે પ્રાઈવેટ એજન્સીને આપવાની જરૂર છે. પાસપોર્ટ કાઢવા માટે જેમ એજન્સી છે તેમ બીપીએલ કાર્ડ જરૂરિયાતવાળાને મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે. ભ્રષ્ટાચારના કારણે સરકારી કચેરીઓ આ રીતે રેશનિંગ કાર્ડમાં આવકના ધોરણ જોયા વગર સિક્કા મારી આપે છે અને જે અધિકારી સહી કરે છે તેની જવાબદારી ફિક્સ કરવાની જરૂર છે. પછી જુઓ રાતોરાત બોગસ રેશનિંગ કાર્ડ રદ થઈ જાય છે કે નહીં. દિવ્યાંગ હોય કે અનાથ હોય તેમને મદદ કરવાની જરૂર છે. ધર્મના નામે જે વ્હાઈટ ક્રાઈમ અને કરપ્શન થાય છે તે ઘટાડવાની અથવા તો દૂર કરવાની જરૂર છે. શિક્ષણનું મુખ્ય કાર્ય આદર્શ નાગરિકો નિર્માણ કરવાનું છે. ગમે તેટલી ટોપ લેવલની યુનિવર્સિટીઓ બનાવો પરંતુ નાગરિકો યોગ્ય રીતે નિર્માણ ન થાય તો તેનો કોઈ અર્થ ખરો ? વિકાસ કરવો હોય તો તમામ બાબતોનો માઈક્રો અભ્યાસ કરવો પડશે. આજે રોડ મોટા કરવા માટે મોટા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. પર્યાવરણનું સૌથી મોટું નુકસાન થઈ રહ્યું છે. કોરોના સમયે ઓક્સિજનની ઉણપનો અનુભવ માનવ સમુદાયે જોયો છે ત્યારે તેનો વિનાશ કરવો કેટલા અંશે યોગ્ય છે ? જેટલા કપાય છે તેટલા રોપાનું વાવેતર થતું નથી. કદાચ થાય ત્યારે તેનું સંવર્ધન થતું નથી. આજે કેટલીક સંસ્થાઓ મદદના ભાવે સેવા કરી રહી છે. વિનોબા ભાવે કહે છે "સેવા હી ઉપાસના હૈ" ગાંધીજીએ જનસમાજની સેવા કરી અને મોહનમાંથી મહાત્મા બની ગયા. સરદાર પટેલે મહિલા સંરક્ષણ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં મહિલાઓનું સમાનતાના ધોરણે સ્થાન હોવું જોઈએ તે માટે ઠરાવ કરાવ્યો. મદદ કરવાની ભાવના સતત તમારા દિલમાં વહ્યા કરવી જોઈએ. ભાવનાશીલ માણસનું હૃદય કુદરતી દેન હોય છે. જે વ્યક્તિ માટે અતુલ્ય પ્રેમ હોય તે તેના માટે સદાય સાચો સ્નેહ અને પ્રેમ રાખવો જોઈએ. એક વંદન અનેકના સ્વભાવ બદલી શકે છે. માણસે હંમેશા માનવતાના ધોરણે વર્તન કરવું જોઈએ. આ દુનિયામાં કશું જ સાથે આવવાનું નથી. તમારા કાર્યો જ તમારી વર્લ્ડ બેન્ક છે. ■

Mo.9825702282

# સર્વપ્રિય અને પૌષ્ટિક ફળ - ચીકુ



ફળ ઉતારવાં : ચીકુના ઝાડ ઉપર લગભગ બારેમાસ વધતા ઓછા પ્રમાણમાં પુષ્પો અને ફળો જોવા મળે છે. સામાન્ય રીતે ઓકટોબરથી જાન્યુઆરી માસના ગાળા દરમ્યાન વધુ ફળ મળે છે. ત્યારબાદ મે માસ સુધી ફળો મળતા રહે છે. ફળની છાલ લીલાને બદલે પીળાશ પડતી જણાય, ફળ ઉપર હાથ ઘસવાથી રેતી જેવો ઝીણો ભૂકો હાથમાં ચોંટે અને ફળની ટોચ પરનો કાંટો સહેજ અડકતાં ખરી પડે ત્યારે ફળો ઉતારવા લાયક ગણાય છે. ફળો ઉતારવા માટે વેડીનો ઉપયોગ કરવો. ફળો જમીન ઉપર ન પડે તેની ખાસ કાળજી રાખવી. ઉતારેલ ફળોને કોથળામાં નાખી હલાવવા જેથી ફળ સ્વચ્છ અને ચળકાટ આપશે. કોથળામાં નાંખીને હલાવવાના વિકલ્પે ફળોને પાણીમાં ધોઈ સૂકવવામાં આવે છે. ત્યારબાદ કદ પ્રમાણે વર્ગીકરણ કરીને બજારમાં મોકલવામાં આવે છે.



વૈવિધ્ય
ડૉ. હેમાંગી ડી. મહેતા
એસોસિએટ "પ્રોફેસર ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી- ગાંધીનગર

ઉત્પાદન : ચીકુની કલમોની રોપણી પછી શરૂઆતમાં બે વર્ષ સુધી આવતા ફળો તોડી નાખવા હિતાવહ છે. ધીરેધીરે ચોથા વર્ષ પછી ઉત્પાદન મળતું થાય છે. સામાન્ય રીતે પુખ્ત વય (૧૨ થી ૧૫ વર્ષ) ના ઝાડ પ્રતિવર્ષ ૧૨૦ થી ૧૫૦ કિ.ગ્રા. જેટલું ફળનું ઉત્પાદન આપે છે.

ટકાઊ શક્તિ: ફળોને ઉતાર્યા પછી મુખ્યત્વે ત્રણ ગ્રેડમાં વર્ગીકૃત કરવા જોઈએ ત્યારબાદ કાગળના બોક્ષમાં ૧૦ કિલોગ્રામ ફળ ભરવા,

૧). ફળોને ઉતાર્યા બાદ ૧૫૦ પી.પી.એમ. જીબ્રેલીક એસિડના દ્રાવણમાં ૮ થી ૧૦ મિનિટ બોળ્યા બાદ કાગળના બોક્ષમાં ભરવાથી તેની ટકાઉ શકિત વધે છે.

૨). થયેલ અભ્યાસ મુજબ ચીકુને ઉતાર્યા બાદ ૧ % ચુનાના દ્રાવણમાં ૫ મિનિટ સુધી ડૂબાડી સુકાયા બાદ પાણીમાં ધોવાથી ફળોના દેખાવમાં સુધારો થાય છે અને ટકાઉ શકિત વધે છે.

૩) એક અભ્યાસ મુજબ ફળોને ઉતાર્યા બાદ ૧૦ સે.ગ્રે. તાપમાને ૮ કલાક સુધી પ્રિકુલીંગની માવજત આપીને ૫૦ માઈક્રોનની ૧.૨ ટકા કાણાવાળી બેગમાં ભરી સીએફબી બોકસમાં મૂકી ૧૨ સે.ગ્રે. તાપમાને કોલ્ડ સ્ટોરેજમાં રાખવાથી ફળોની ગુણવત્તાને અસર થયા વગર ૧૫ દિવસ સુધી સંગ્રહ કરી શકાય છે.

ઔષધીય ગુણોઃ ચીકુનાં પાકા ફળ ખૂબ મધુર, શીતળ, પૌષ્ટિક, રૂચિકર, તાવ મટાડનાર અને પિતશામક છે. આહાર તરીકે તે ખુબ લાભપ્રદ ફળ છે. તે ખાવાથી શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ આવે છે તથા આંતરડાની શક્તિ વધે છે, આંતરડાં મજબૂત બને છે, વીર્યની વૃધ્ધિ થાય છે. બીમાર દર્દીઓ માટે તે ખૂબ પથ્ય ખોરાક છે. કાચાં ચીકુ ખાવાથી કબજિયાત, મંદાગ્નિ તથા ઉદરશૂળ થાય છે. ૧). મુત્રદાહ : પાકા ચીકુ સાકર છાંટી રોજ ૩ વખત ખાવા.૨). ધાતુપુષ્ટિઃ પાકાં – મીઠા ચીકુ સાકર નાંખી ખાવા કે ચીકુનો દૂધમાં શેઈક બનાવીને પીવો અથવા ચીકુનો હલવો બનાવી ખાવો. ૩). પિત–પ્રકોપઃ ચીકુના ફળની છાલ ઉતારી, બીયાં કાઢી નાખી, તેની ચીરીઓ માખણમાં રાત્રે પલાળી રાખી, રોજ સવારે ખાવાથી પિત (ગરમી) નો પ્રકોપ શાંત થશે. – તાસીર મુજબ સેવન કરવું.

ચીકુ

પ્રતિ-૧૦૦ ગ્રામ – પોષક તત્વો

કાર્બોહાઈડ્રેટ ૩૨ ગ્રામ, સોડિયમ ૭ મી.ગ્રામ, ફેટ ૦.૫ ગ્રામ, ડાયેટરી ફાઈબર ૫.૪ ગ્રામ, સુગર ૨૦ ગ્રામ, પ્રોટીન ૧.૫ ગ્રામ, કેલ્શિયમ ૧૮ મી.ગ્રામ, પોટેશિયમ ૪૫૪ મી.ગ્રામ

hemangidmehta@gmail.com

# ઓઘડનો કેરીગાળો

નિર્ઝરી મહેતા






"છપ્પન ઈંચ"
કાળુભાઇ ભાડ

નદીકાંઠાની રવિવારની પથારા બજારમાં છપ્પન ઈંચ વાળી જીવી સામાન આઘોપાછો કરતી હતી. ઘરભેળા થવાનો વખત થયો ય હતો! "જીવલી, તું તારી ચીજવસત રમાડ છ ને તારો છેલછોગાળો આ હેંડ્યો આવ છ..ઓ ભળાય હામે!" ઓઘડ આવી ય પહોંચ્યો. "જીવલી હેંડ તારા પથારાના ચાર છેડા ભેગા કર્ય!"

જીવીએ પથારાનું કપડું છેડા પકડી સમેટવા માંડ્યુ. તેની આંગળીમાં ભેરવેલ કશુંક ખખડ્યું ઝણઝણ. "એ જીવલી આ હું બોલ્યું તારા પોટકા માંયથી?"

જીવી જવાબ આપવાને બદલે વેચવાના સરંજામમાંથી કાઢી લીધેલ તૂટલ ઝાંઝરૂં લારીના પૈડાંના સળિયા સાથે બાંધી દીધું. "વૉય મા, લે આપણી લારી તો રણઝણ વેલડુ થૈ જૈ!" પછી ઢીલે સાદે બોલ્યો, "આપણ ઘીરે કે'વારે રૂમઝુમ થાશે હેં જીવલી?" "થાહે થાહે, વા'લીડાંવ! ઉપરવાળાની મરજી પરમાણ થાહે હંધુ ય! તંઈ લગણ બે ય માણા આ રણઝણીયુ ચલવો!" "અરે માજી ઈયાદ આયુ.. લો આ કેરી તમાર હાટુ!"

"એ ય વાલા મૂઆ! આ તારી વઉ મન માશી કે'છ ને તું માજી કે છ! સાડી સત્તરવાર તને કીધું છ! રાખ તારી કેરી તું!"

અર..માશી..લો માશી કીધું ન! હવ લો કેરી!"

"લાય..લે આ તો બદામ છ!"

"આપણ લોકને તો બદામ ને તોતા જ મલ..

તે ય બાજુના પથારાની વેકતે રૈ ગૈ ઑય ઈ નાખી દેવાના ભાવે આલે તિયારે મલ!" "હોવ્વે ઓઘડ..ઈ હાચુ."

"પછે દેશી કેરી તો હવ કૉય દીસતી ય નથી!" "હોવે ઓઘડ બે ઉનાળાથી માશીને દેશી કેરી ઈયાદ આવ છ...સોણામાં ય ઈ જ દેખાય ઈયાને!"

હા તો ચેટલા વરહથી ભાળી જ નથ!..ખાવા તો કેમની મલ!"

"હોળ આના હાચું...તમતમાર સોણા જુઓ..માશી! દેશી કેરી તો સરગાપરમોં ખાજો!" "મેરમૂઆ...મને હેનો સરગપરનો દરવાજો દેખાડશ!"

"એ ઓઘડ માશીને વતાવ નૈ! માપમાં રે'! ને હિંમત ઑયે તો કંઈથી ય તે ગોતીને ખવાડ માશીને એની દેશી કેરી!"

ઓઘડ મૂંગો થઈ રુમઝુમ લારી ચલાવવા લાગ્યો.

જીવી ને ઓઘડ અઠવાડિયું શહેરની સોસાયટીમાં ફરી ભંગાર-જૂનો સામાન લે...પથારાબજાર માટે કામનો માલ જુદો તારવી બાકીનો કબાડીને વેચી દે. રવિવારે જીવી બાયું.. છોકરીયુને કામની વસત લઈ બાયુંની લાઈનમાં બેસે. ઓઘડ કારીગરો.. ઘરવખરીની જરુરતનો સામાન લઈ મરદોની લાઈનમાં પથારો ગોઠવે. સૌ સૌને પડોશમાં બેસનાર જોડે જીવ મળી જતા ને વડછડે ય લેવા જવી ન પડે!! ઉનાળાની ચારેક પથારાબજાર જેમ થતી તેમ થતી રહી! માશીનું દેશી કેરીનું રટણ ધ્રુવપદ જેમ ચાલતું રહેતું!

આજે ઓઘડને આવતાં જરી વેળ થઈ.

માજી જીવી જોડે વાટ જોતાં બેસી રહ્યાં. "જીવલી અથરી નો થા.આવહે હવણે એવો એ રઢિયાળો!"

ત્યાં તો રુમઝુમ ઝણકારો સંભળાયો. "આયુ તારું વેલડું! ને બિસ્કુટ બાજુ મેલ! કેરીના દા'ડા છે ન બિસ્કુટ ખાશ!" ઓઘડ તો આવ્યો એવો લારીમાંથી પોટકી ઉપાડતો માજી ને જીવીના પથારા વચ્ચે ઉભડક બેસી પોટકીની ગાંઠ છોડી ખુલ્લી કરી.

"લો માશી ખાવ તમી સરગાપરની કેરી" "વૉય મા! આ હુ સાચું ભાળુ છ! દેશી કેરી! લ્યા કંઈ છાપો માર્યો!" "તંઈ...આવી આણે મેણું મારેલને..તે જો, 'લી લેઈ આયો અસ્સલ દેશી!"

જીવી તો પથારો સંકેલીને જ બેઠી હતી. તે બેઠે બેઠે ઓઘડ નજીક ખસી.

"તે માશીની મનસા કીધી'તી તે અમી હારે બેહતા એની વાત કરતા'તા. આજ સવારે મારી બાજુ બેહે છ તે ઈશ્વરિયો એક જણને લેઈ આયૈ'તો. એ ગામડે રે છ. તેના ઘર પછવાડે જૂનો આંબો..તે ય દેશી! કેરી ઝાઝી ન જડે. તે એ લોક જે પડે તી ખૈ લે. પણ ઓણ સાલ થોડ ઝાઝી બેઠી! નીચી નીચી કેરી તો ખૈ ગિયા એ લોક.. પણ ઉપરની કોણ વેડે?"

"હાચુ ઓઘડ ઈ હાટુ તો હુંશિયારી જોવે"

"તી તમારો ઓઘડ કંઈ ઓછો છ! હું તો ગીયો એની હારે ! દાતયડુ બોંધ્યુ લાકડી હારે..ને ચઢી જ્યો ઝાડ પર...થેલામોંય ભરતો જયો ક એક એક કરતે! અટલી કેરી મારું મેનતાણુ!" "હાય 'લા! ઓઘડ તું તો જંગ જીતી આયો હો!" "ચલો હવ માશી અડધી તમની ને અડધી તમની દીચરીની" "હોવે...એને તો ખવાડવી જ પડહે ન! તમાર ઘીરે ય આંબો કૉળહે!.. તું બાર પોયરાનો બાપ થા!" ઓઘડ જીવીને તાકી જ રયો. "હાચું? જીવલી?" જીવીએ શરમથી મોં મલકાવ્યુ.ઓઘડ માસી તરફ ફર્યો

"ઓ માશી....હવ તો બે યે જ ઓહો ઑય છ. ને તમી...આવા આશરવાદ આલી જુલમ નૈ કરો!"

"અત્તારની પરજા તો બે ય બાર હમાણી જડે છ ક નૈ!"

"એ ખરું માવડી ! એવા એને તમી જ હાચવજો..."

"કમ લ્યા હું અમરપટો લખૈ લાઈશુ કોંઈ?"

"આ સરગાપરની દેશી ખૈને તમી હો વરહના થાશો ક નૈ!"

"મીઠડા વાલામૂઆ!"માસી હસી પડયાં.

કેરીના ભાગ પાડી માસી ને જીવી ઓઘડ ઘેર જવા ચાલ્યાં.

"હવ તું આ રણઝણ પર બેહ..મુ લૈ જયે!"

"ના ર, મન તો ચાલવું જ વદે! માર આની" જીવીએ પેટે હાથ ફેરવતા કહ્યું "હાચવણ નૈ કરવાની! તું તો એને અત્તારથી હિંચોળે છપ્પન ઈંચનો કરીસ. લારી ઉલાળ્યા કર..આજ પાછો વધુકો લે'રમાં છો ન! હેંડ તાર મારી માશીની કેરીની વેણનો જાણતલ!"

વાર્તા મૂળ સ્વરૂપેઃ- નિર્ઝરી મહેતા.

sanjogpurti@gmail.com

# સમયના સદુપયોગની સાથે મેળવો ઇન્કમ અને નોલેજ : સમર જોબ




'સમર જોબ' - એટલે યુવાઓ માટે ઓછા સમયમાં કે નવરાશના સમયમાં સારી આવક કમાવી આપતું માધ્યમ....! સમયના સદુપયોગની સાથોસાથ નોલેજ અને કમાણી કરી આપતું આ માધ્યમ આજે શ્રેષ્ઠ વિકલ્પ બની રહ્યો છે...

ઉનાળાના વેકેશન પૂર્વે જ ઘણું બધું પ્લાનિંગ મન - મગજમાં ઘુમવા લાગે છે. હોલીડે, શોપિંગથી માંડીને એ બધાં પેન્ડિંગ પ્લાન કે જે ઘણા સમયથી આપના મનમાં છે, કે હતા..! આજના યુવક - યુવતીઓ સમય બાબતે બહુ જ સજાગ છે. એમનો દર વખતે એવો પ્રયાસ રહે જ છે, કે એમનો સમય કોઈપણ રીતે બેકાર ન જાય એવામાં ઉનાળાના વેકેશનમાં એના બહેતર ઉપયોગ માટે પ્લાનિંગ શરૂ કરી દે છે.

'સમર જોબ' એક એવો વિકલ્પ છે, જે સમયના યોગ્ય ઉપયોગની સાથોસાથ મનોરંજન - જાણકારી - વ્યક્તિગત સંપર્ક - અનુભવ - જે - તે ક્ષેત્રનું નોલેજ ને આવક એમ ઘણુ બધું એક સાથે આપે છે, આવો જાણીએ કે આગામી સમર વેકેશનમાં તમે કઈ - કઈ સમર જોબ કરીને આપના કિંમતી સમયનો ભરપૂર આનંદ લઈ શકો છો.

**ટૂરિસ્ટ ગાઇડ**

જે યુવક - યુવતીઓને હરવા - ફરવાનો ખૂબ શોખ છે અને રસપૂર્વક બધુ હરી - ફરી - જોઈ - જાણી - માણી શકે છે, તેઓ માટે સમર જોબ તરીકે ટૂરિસ્ટ ગાઈડ બનવું એ ઉત્તમ વિકલ્પ છે, જો તમે એવા શહેરમાં કે એવા સ્થળથી નજીકમાં રહેતા હોવ, કે જે પ્રવાસ સ્થળ તરીકે ફેમસ હોય તો ત્યાં આવનારા પર્યટકો માટે તમે ટૂરિસ્ટ ગાઈડની ભૂમિકા નિભાવી શકો છો. આ માટે કોઈ ટૂર ઓપરેટર્સ કે પેકેજ ટૂર્સનો સંપર્ક કરી શકો છો. એ માટે તમારે કોઈ ખાસ વધુ તૈયારીની જરૂર નથી. પણ, જાણીતા સ્થળોના ઈતિહાસ - ભૂગોળ - મહાત્મ્યની જાણકારી મેળવી લેવી પડે, અને દિલચશ્પ અંદાજમાં પર્યટકને જણાવવી પડે, અંગ્રેજી ભાષા પર પકડ હોય તો વિદેશી પર્યટકોના સંપર્કથી સારી કમાણી થઈ શકે. વળી, આ જોબમાં આપ દરેક સ્થળને જોઈ - જાણી - માણી - હરી - ફરી પણ શકો છો.



ઉત્સવ
જીવન તરંગ
જયસ્વી પટેલ

**કુકિંગ કલાસ**

જો આપને રસોઈ બનાવવાનો શોખ હોય અને કોલેજ કે જોબને કારણે આપ રસોઈમાં હાથ અજમાવી શકતા ન હોવ, તો વેકેશન દરમિયાન ઘરે કુકિંગ કલાસ શરૂ કરી દો. એનાથી આપનો શોખ પણ સંતોષાશે, નવી નવી રેસિપી પણ શીખી શકશો ને કમાણી પણ કરી શકશો. સાથોસાથ ઈન્ટરનેટ પર રસોઈ શો અને વિભિન્ન શેફના પુસ્તકોમાંથી નવી - નવી રેસિપી બનાવતા અને શીખવતા શીખી શકશો. ફ્રેન્ડ સર્કલ, આડોશ - પાડોશ અને સગાં - સંબંધીઓમાંથી આપની પાસે શીખવા આવનાર મળી રહેશે.

**એંકરિંગ**

ઉનાળાની રજાઓમાં આવકની સાથોસાથ જો તમે એનો ભરપૂર આનંદ ઉઠાવવા માગતા હોવ તો એંકરિંગ એક સારો વિકલ્પ છે. શહેરમાં યોજાનારી નાની - મોટી ઈવેન્ટમાં આપ એંકરિંગ કરીને કમાણીની સાથોસાથ પર્સનાલિટી પણ ડેવલપ કરી શકશો ને રજાઓનો રચનાત્મક ઉપયોગ પણ થશે. એંકરિંગ એક એવું પ્લેટફોર્મ છે, જે આપના વ્યક્તિત્વને નિખારીને આત્મવિશ્વાસ વધારે છે ને સાંપ્રત પ્રવાહોથી વાકેફ રાખે છે. વળી, આ વર્કની ખાસિયત એ છે કે, જ્યારે આપ ઘણી બધી વ્યક્તિ - હસ્તીઓ સાથે લાઈવ જોડાઈને વાત કરો છો, એથી આપની કોમ્યુનિકેશન સ્કિલ વધે છે. આજકાલ મોટાભાગની મલ્ટીનેશનલ કંપનીઓમાં જોબ કરવા માટે પ્રોફેશનલ ડિગ્રીની સાથોસાથ સારી કોમ્યુનિકેશન સ્કિલ પણ જરૂરી છે.(ક્રમશઃ).

sanjogpurti@gmail.com




એકવાર કાકાકૌઆ ઊડતા ઊડતા ગામની નિશાળમાં આવી ચડ્યા. નિશાળમાં કંઈક ઉજવણી થઈ રહી હોય એવું દેખાયું. કાકાકૌઆ તો ઘડીકમાં ઝાડની ટોચે તો ઘડીકમાં નિશાળના ઝાંપે, ઘડીકમાં વર્ગની અંદર તો ઘડીકમાં વર્ગની બહાર. આમતેમ ઊડાઊડ કરી બધું ધ્યાનથી નીરખવા લાગ્યા. એમણે જોયું કે શાળામાં તો બાળમેળાની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. ચારેકોર બાળકો મજા મજા કરી રહ્યાં છે. બાળકોના કલશોરથી આખી શાળા ગુંજી ઊઠી છે. આ જોઈને એ તો હરખાઈ ગયા. એમને તો આ બધું જોવામાં ખૂબ મજા પડી. એમણે મનોમન વિચાર્યું, આવો બાળમેળો જંગલમાં ઉજવાય તો ! આ વિચાર સાથે કાકાકૌઆએ તો જંગલ તરફ ઉડાન ભરી. જંગલમાં આવતાં જ બધાં પંખીઓને ભેગાં કર્યાં.



રે વાર્તા!
મનીષ સુથાર

સૌને સંબોધતા એણે કહ્યું, "આ ગામની નિશાળમાં અનોખો બાળમેળો યોજાય છે. બાળકો આનંદ કરતાં જાય ને અવનવું શીખતાં જાય. શું આપણે પણ આપણાં બાળકો માટે આવો બાળમેળો યોજી ન શકીએ ? આપણે પણ આપણાં બાળકોને ઘણું શીખવવાનું હોય છે. ચાલો આપણે પણ એક બાળમેળો યોજવાનો વિચાર કરીએ."

"હા...હા... યોજવો જ જોઈએ, યોજવો જ જોઈએ." બધાં પંખીઓ એકસાથે બોલી ઊઠ્યાં. સૌએ ઉત્સાહભેર કાકાકૌઆના આ વિચારને વધાવી લીધો. પક્ષીરાજ ગરુડની આગેવાની હેઠળ આ બાળમેળો યોજવાનું નક્કી થયું. જોતજોતામાં આ વાત આખા જંગલમાં પ્રસરી ગઈ. એમાંય બાળપંખીઓમાં તો આનંદ આનંદ છવાઈ ગયો. બચ્ચાંના આનંદિત કલરવથી આખુંય જંગલ ગુંજી ઊઠ્યું. બાળમેળાની રંગેચંગે તૈયારીઓ શરૂ થઈ. વનવૃક્ષોની ઘટાઓ નીચે બાળમેળો યોજવાનું નક્કી થયું. ઝાડેઝાડ ને વનેવન બાળમેળાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. મંડપ, સજાવટ, સ્વાગતવિધિ, જમણવાર આ બધું જ નક્કી કરવામાં આવ્યું.

ચકુ ચકલી ને કલબલ કાબર તડામાર તૈયારીમાં લાગી ગયાં હતાં. બાળપંખીઓ પણ પોતાના રસ અને આવડત મુજબ તૈયારીમાં જોડાયાં. "હું તો એવો નાચીશ.. એવો નાચીશ કે તમે બધા જોતા રહેશો." - મોન્ટુ મોર નાચતો નાચતો બોલ્યો. તો બેસ્ટી બુલબુલ પણ પોતાની તૈયારીઓ વિશે બોલ્યું, "હું પણ રાત દિવસ રિયાઝ કરું છું. હું એવા સૂર રેલાવીશ કે સૌ સાંભળતા જ રહી જશે." ત્યાં એટલામાં કલ્લુ કાગડો આવી ચડ્યો ને બોલ્યો,

I am a કલ્લૂ કૌઆ, i am a ડિસ્કો ડાન્સર...

"અરે ! હું પણ તમારી સાથે જોડાઈશ હોં. મને પણ સરસ ગાતાં આવડે છે." "અરે અરે ! તારો અવાજ તો સાવ કર્કશ છે. તને સાંભળવા કોઈ રાજી નથી. જા જા છાનોમાનો. ક્યાંક બીજા પંખીઓ પાસે જા." - મોન્ટુ મોર ને બેસ્ટી બુલબુલ બોલ્યાં. કલ્લુ કાગડો તો જાય બીજાં પંખીઓ પાસે. તો આ બાજુ પીન્ટુ પોપટ અને કલબલ કાબર વકતૃત્વની તૈયારીમાં લાગ્યાં હતાં. અવનવી છટા સાથે તે બોલતાં હતાં. જાણે આખાય જંગલમાં આ અનોખી ઉજવણીનો આનંદ વ્યાપો હતો. સૌ બાળપંખીઓ પોતાની તૈયારીમાં લાગ્યાં હતાં.

બાળમેળાનો કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો. આખરે ઉજવણીનો એ દિવસ આવી પહોંચ્યો. કૂકડેકૂક... કૂકડેકૂક કરી કૂકડાઓએ વહેલી સવારે સૌને જગાડી દીધા. નદીના પવિત્ર જળમાં સ્નાન કરી સૌ ગોઠવાઈ ગયા. બાળપંખીઓ તો સજીધજીને... બનીઠનીને આવી પહોંચ્યા હતાં. આખાય જંગલનાં સૌ પક્ષીગણ આવી ગયાં હતાં. મહેમાનોનું આગમન પણ થઈ ચૂક્યું હતું. આયોજન મુજબ બધી જ પ્રવૃત્તિઓ શરૂ થઈ.

કેઝી કોયલ અને બેસ્ટી બેસ્ટી બુલબુલ દ્વારા સુંદર મજાનું ગીતડું ગવાયું,(ક્રમશઃ)

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની ખંડપીઠે બંગાળ સરકારને તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા**

# સુપ્રીમ કોર્ટે પ.બંગાળના શિક્ષક ભરતી કૌભાંડ મામલે સરકારની ઝાટકણી કાઢી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭



સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળના શિક્ષક ભરતી કૌભાંડ મામલે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી છે. ૨૫ હજાર શિક્ષકોની નિમણૂક રદ કરવાને પડકારતી અરજી પર કોર્ટે સુનાવણી કરી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની ખંડપીઠે બંગાળ સરકારને તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા અને કહ્યું કે જ્યારે નિમણૂક પ્રક્રિયા પર જ સવાલો ઉભા થઈ રહ્યા છે તો પછી વધારાના પદો કેમ હટાવવામાં આવ્યા. એટલું જ નહીં, વેઈટિંગ લિસ્ટમાં રહેલા ઉમેદવારોને પણ એપોઈન્ટમેન્ટ કેમ મળી? બંગાળ સરકારના વકીલ નીરજ કિશન કૌલે કહ્યું કે સીબીઆઈએ પણ કહ્યું નથી કે ૨૫ હજાર શિક્ષકોની નિમણૂક ગેરકાયદે છે. બધું શિક્ષક અને વિદ્યાર્થીના ગુણોત્તર મુજબ હતું.

બંગાળ સરકારના અન્ય એક વકીલ જયદીપ ગુપ્તાએ કહ્યું કે હાઈકોર્ટનો નિર્ણય પોતે જ ખોટો છે, જેમાં તેણે શિક્ષકોની નિમણૂક રદ કરી છે. તેમણે કહ્યું કે આવો નિર્ણય આપવો એ હાઈકોર્ટના અધિકારક્ષેત્રમાં નથી અને સુપ્રીમ કોર્ટના નિર્ણયની વિરુદ્ધ છે.

# કોંગ્રેસના ઈરાદા ખુબ જ ખતરનાક, તેમના વિરૂધ્ધ વોટ જેહાદ માટે આહ્‌વાન કરતા મોદી

ભોપાલ,તા.૭



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું કે લોકોએ નક્કી કરવું પડશે કે દેશ ‘વોટ જેહાદ’થી ચાલશે કે ‘રામ રાજ્ય’થી. મધ્યપ્રદેશના ખરગોનમાં એક રેલીને સંબોધતા મોદીએ વિપક્ષ કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે તેના ઈરાદા ખૂબ જ ખતરનાક છે અને તેમની વિરુદ્ધ ‘વોટ જેહાદ’ માટે આહ્‌વાન કર્યું છે. તેમણે કહ્યું, ‘ભારત ઈતિહાસના નિર્ણાયક તબક્કે છે; તમારે નક્કી કરવાનું છે કે દેશ વોટ જેહાદ પર ચાલશે કે રામરાજ્ય પર.

પીએમ મોદીએ કહ્યું, ‘વિપક્ષના ભારતીય ગઠબંધન ભાગીદારોને લોકોના ભાવિની ચિંતા નથી. તેઓ પોતાના પરિવારને બચાવવા ચૂંટણી લડી રહ્યા છે.’ પોતાના રાજકીય વિરોધીઓ પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે તેમણે વિપક્ષના એજન્ડાનો પર્દાફાશ કરતાની સાથે જ વિપક્ષે તેમની સામેનો પોતાનો આખો ‘દુરુપયોગ શબ્દકોષ’ ખાલી કરી દીધો છે.

સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, ‘તમારા મતે ભારતને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી છે, કલમ ૩૭૦ (જે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી હતી) દૂર કરી છે, એક આદિવાસી મહિલાને દેશના રાષ્ટ્રપતિ બનાવ્યા છે અને તમારા મતદાને ભારતમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે.

# મનીષ સિસોદિયાને ઝટકો : ન્યાયિક કસ્ટડી ૧૫ મે સુધી લંબાવવામાં આવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭



દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને ફરી એક ઝટકો લાગ્યો છે. રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત સીબીઆઈ કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૧૫ મે સુધી લંબાવી છે. સીબીઆઈ કેસમાં આરોપીઓ સામે આરોપ ઘડવા અંગેની સુનાવણી દિલ્હી હાઈકોર્ટના નિર્દેશો અનુસાર ૧૫ મે સુધી સ્થગિત કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીએ તાજેતરમાં લોકસભા ચૂંટણી માટે દિલ્હી અને હરિયાણા માટે તેના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી. આ યાદીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સુનીતા કેજરીવાલ ઉપરાંત જેલમાં બંધ પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનના નામ પણ છે. પરંતુ સિસોદિયાની જ્યુડિશિયલ કસ્ટડીમાં વધારો થવાને કારણે તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

# હમાસની શરણાગતિ : યુધ્ધ વિરામની તમામ શરતો માન્ય રાખવા થયું તૈયાર

**ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે ગાઝાવાસીઓને મુશ્કેલી**

(એ.આર.એલ),ગાઝા,તા.૭



ઈઝરાયેલના અનેક વિનાશક હુમલાઓથી તબાહ થયેલા હમાસે યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારવાની જાહેરાત કરી છે. હવે ઈઝરાયલે આ અંગે નિર્ણય લેવાનો છે. હમાસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તેણે કતાર અને ઈજિપ્તને પણ આ નિર્ણય વિશે જાણ કરી છે, જેઓ હમાસ અને ઈઝરાયેલ વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા હતા. જો કે તેની સ્થિતિ શું હશે અને પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના બંધકોનું શું થશે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. હમાસે તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરેલા નિવેદનમાં, યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારવાની પુષ્ટિ કરી છે. હમાસના નેતા ઈસ્માઈલ હનીયેહનું કહેવું છે કે, કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ અબ્દુલરહમાન અલ થાની અને ઈજિપ્તના મંત્રી અબ્બાસ કામેલ સાથેની ટેલિફોન વાતચીતમાં આ માહિતી આપવામાં આવી છે. હવે ઈઝરાયલે આ અંગે નિર્ણય લેવાનો છે.

હમાસે યુદ્ધવિરામની તમામ શરતો સ્વીકારી લીધી હોવાની જાહેરાત કર્યા બાદ મધ્ય ગાઝામાં ખુશીનો માહોલ છે. બીબીબીના અહેવાલ મુજબ, અલ અક્સા હોસ્પિટલની બહાર લોકોની ભીડ એકઠી થઈ ગઈ છે. બાળકો આનંદથી કૂદી રહ્યા છે. લોકો નાચી રહ્યા છે. જો કે હજુ સુધી તેઓ જાણતા નથી કે આ યુદ્ધવિરામ તેમના માટે કેટલો લાભદાયી છે, તેમ છતાં યુદ્ધવિરામની જાહેરાત ગાઝાના લોકોને રાહત તરીકે આવી છે.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ વતન હણોલ ગામે મતદાન કર્યું




ભાવનગર,તા.૭

પોરબંદર લોકસભાના ઉમેદવાર અને કેન્દ્રિયમંત્રી મનસુખ માંડવીયાએ પોતાના વતન હણોલ ખાતે મતદાન કર્યું. પોતાના પરિવાર અને પ્રથમ વાર મતદાન કરનાર દીકરીઓ સાથે મનસુખ માંડવીયાએ મતદાન કર્યું. રામજી મંદિરે દર્શન કરી થાળીઓના નાદ સાથે પરિવાર અને ગામના લોકો સાથે મતદાન મથકે પહોંચ્યા હતાં. એનડીએની સરકાર બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

**૨૩ વર્ષની નાની ઉંમરે લેન્ડી પર્રાગા ગોયબુરો ભૂતપૂર્વ બ્યુટી ક્વીન તરીકે ચર્ચામાં આવી હતી**

# પૂર્વ મિસ ઈકવાડોર સ્પર્ધકની લોસ રીયોસ શહેરમાં ગોળી મારી હત્યા


(એ.આર.એલ),મુંબઈ,તા.૭



પૂર્વ મિસ ઈક્વાડોર સ્પર્ધક લેન્ડી પર્રાગા ગોયબુરોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર લેન્ડીના એક સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં તે લોસ રિયોસ પ્રાંતમાં સ્થિત એક શહેરમાં એક રેસ્ટોરન્ટમાં જોવા મળી હતી. ત્યારે અચાનક કેટલાક હથિયારબંધ લોકો આવ્યા અને લેન્ડીને જાહેરમાં ગોળી મારી દીધી. ગોળી વાગતાં જ તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ સમાચાર આવતા જ ફેશન જગતમાં શોકના વાદળો છવાઈ ગયા હતા. એક અહેવાલ અનુસાર, ઈક્વાડોરની સુંદરી લેન્ડી પર્રાગા ગોયબુરોનું એક કુખ્યાત ગેંગ લીડર સાથે અફેર હતું. આ ભયાનક ઘટના સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં દેખાઈ રહ્યું છે કે બે બંદૂકધારી રેસ્ટોરન્ટમાં પહોંચ્યા અને લેન્ડીને તેમજ ત્યાં હાજર એક વ્યક્તિને ગોળી મારી દીધી.

# જ્યોર્જ શહેરમાં બાંધકામ હેઠળની ઈમારત તૂટી પડતા ૯ લોકો કાટમાળ હેઠળ દબાયા


(એ.આર.એલ),કેપટાઉન,તા.૭



દક્ષિણ આફ્રિકામાં એક નિર્માણાધીન ઈમારત ધરાશાયી થવાને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માત કેપટાઉનથી ૪૦૦ કિલોમીટર દૂર આવેલા જ્યોર્જ શહેરમાં થયો હતો. અધિકારીઓનું કહેવું છે કે આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા છે. કેટલાક અહેવાલો અનુસાર, બિલ્ડિંગનો બહુમાળી એપાર્ટમેન્ટ બ્લોક ધરાશાયી થતાં લગભગ ૫૯ લોકો કાટમાળ નીચે ફસાયા હતા. ઘટનાસ્થળેથી ૧૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જેમાંથી પાંચને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યોર્જની નગરપાલિકાએ એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે ઘટનાસ્થળે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેવાઓ, એમ્બ્યુલન્સ અને પોલીસ દ્વારા રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

# સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં પોલીસે રાજસ્થાનમાંથી વધુ એક આરોપીની ધરપકડ કરી

(એ.આર.એલ),મુંબઈ,તા.૭



મુંબઈમાં બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને વધુ એક સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં પાંચમા આરોપીની રાજસ્થાનમાંથી ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીનું નામ મોહમ્મદ ચૌધરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણે શૂટર્સ સાગર પાલ અને વિકી ગુપ્તા બંનેને પૈસા આપવા અને રેકી કરવામાં મદદ કરી હતી. મોહમ્મદ ચૌધરીને આજે મુંબઈ લાવવામાં આવી રહ્યો છે, જ્યાં તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને કસ્ટડીની માંગણી કરવામાં આવશે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે વધુ એક આરોપીની ધરપકડ કરતા આ કેસમાં કુલ પાંચ આરોપીઓની સંડોવણી સામે આવી. જણાવી દઈએ કે સલમાન ખાન ફાયરિંગ કેસના એક આરોપીએ પોલીસ કસ્ટડીમાં જ આત્મહત્યા કરી લીધી હતી. સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ થયું હતું.

# ઉનાના માણેકપુર ગામના શખ્સને હથિયાર સાથે સોશિયલ મીડિયામાં વીડિયો મુકવો ભારે પડયો

ઉના, તા.૭

ઉનાના માણેકપુર ગામના શખ્સે તલવાર સાથે વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં મુકયો હતો. જે બાબતે જીલ્લા એસ.ઓ.જી. ટીમે સોશ્યલ મીડિયામાં વોચ રાખી અલગ અલગ બે શખ્સોને તલવાર તેમજ છરી સાથે પકડી પાડી તેના વિરૂદ્ધ નવાબંદર મરીન પોલીસમાં ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉનાના માણેકપુર ગામે રહેતા સુકર લખમણ રાઠોડ નામના શખ્સે સોશ્યલ મીડિયા ઉપર તલવાર સાથે વીડિયો રિલ્સ મૂકી લોકોમાં ભય ફેલાવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી હતી. પોલીસે સોશ્યલ મીડિયામાં વોચ રાખી આ શખ્સને બીડ પ્લાસ્ટિકના હાથાવાળી સ્ટીલની તલવાર સાથે ઝડપી લીધો હતો. તેમજ પાલડી ગામનો હરપાલ ચતુર વાઘેલાએ લાકડાના હાથાવાળી છરી હથિયાર સાથે સોશ્યલ મીડિયામાં વીડિયો અપલોડ કરેલ હોય જેને પાલડી ગામે ગડીયાપીર પાસેથી હથિયાર સાથે ગીર સોમનાથ જીલ્લા એસ.ઓ.જી. ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની કાર્યવાહીથી સોશ્યલ મીડિયામાં આવા વીડિયો મુકતા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

# અમદાવાદ સ્વામિનારાણયણ ગુરુકુલનાં ૩૫ સંતો દ્વારા મતદાન



અમદાવાદ,તા.૭

૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં SGVP ગુરુકુલના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામી અને પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડીનાં કોઠારી ધર્મનંદનદાસજી સ્વામી સહિત ૩૫ સંતોએ છારોડી પ્રાથમિક શાળા મતદાન મથકે જઈ મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ બજાવી હતી.

# જસદણના કાળાસર ગામના ગાંજા સાથે પકડાયેલ આરોપીના હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા

જસદણ,તા.૭

જસદણના કાળાસર ગામે ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર થયાની બાતમી મળતા જસદણ પોલીસ દ્વારા રેડ કરી આરોપી ધનજીભાઈ નાનજીભાઈ કોતરાને ૧૫૯ કિલો ૩૩૦ ગ્રામ ગાંજા સાથે ઝડપી ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, જસદણ પોલીસે બાતમીના આધારે કાળાસર કોળીંબો નામની સીમમાં ધનજીભાઈ કોતરાના ખેતરમાં રેડ કરી હતી. જેમાં જુદી-જુદી ૬ પ્લાસ્ટિકની મોટી કોથળીમાંથી ૧૫૯ કિલો ૩૩૦ ગ્રામ ગાંજો મળી આવતા તેની કિંમત રૂ.૧૫,૯૩,૩૦૦ ગણી તેને કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીને જેલ હવાલે કરાતા જેલમાંથી આરોપી ધનજી કોતરાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી નામંજૂર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરાઈ હતી. જેથી આરોપી વતી રોકાયેલા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ તેમજ હાઈકોર્ટમાં મેહુલભાઈ એસ. પાડલીયાએ કરેલ દલીલો અને રજૂ કરેલ વિવિધ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખી હાઈકોર્ટે આરોપીને જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે.

# ઉના શહેરમાં પાંચમા નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું

આ પ્રસંગે બપોરે હજારોની સંખ્યામાં લોકોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો



ઉના,તા.૭

ઉના શહેરમાં મચ્છુન્દ્રી નદીનાં કાંઠે બિરાજતા ખેતલીયા દાદા જય ધૂળકોટીયા વાળા ભૂતડા દાદા મંદિરનાં લાભાર્થે પાંચમા નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન જય ખેતલીયા દાદા જય ધુળકોટીયા વાળા ભુતડાદાદા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉના શહેર અને તાલુકાના દૂર દૂરના ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો ઉપસ્થિત રહ્યા હતા અને દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે બપોરે હજારોની સંખ્યામાં લોકોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

આ પાંચમા નવચંડી યજ્ઞમાં બેઠેલા યજમાનોએ બ્રાહ્મણોના વિધિવત્ મંત્રોચ્ચાર સાથે આ યજ્ઞ સાંજે બીડું હોમ્યા બાદ યજ્ઞ સંપન્ન થયો હતો.

# જસદણમાં યુવક પર ત્રણ લોકોનો લાકડીથી હુમલો

પોલીસે ત્રણેય હુમલાખોરો સામે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા

જસદણ,તા.૭

જસદણમાં નવા બસ સ્ટેન્ડ નજીક આવેલ દાબેલીની લારીમાં કામ કરતા યુવકને દાબેલી અને વડાપાઉં અલગ-અલગ ઝબલામાં કેમ ના નાખ્યા કહી યુવક પર મુકેશ ભેંસજાળીયા અને તેના બે ભાઈઓએ લાકડીથી હુમલો કરતા યુવકને જસદણની સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયો હતો. આ હુમલાના બનાવ અંગે જસદણ પોલીસ મથકમાં યુવકે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જસદણમાં નવા બસ સ્ટેન્ડ નજીક માંડવરાય કોમ્પલેક્ષની બાજુમાં લાલાભાઈ દેવમુરારીની કચ્છી દાબેલીની લારીમાં કામ કરે છે. ત્યારે ગત તા.૦૪/૦૫/૨૦૨૪ ના તેઓ લારી પર ઉભા હતા ત્યારે સાંજના ૭ વાગ્યાની આસપાસ મુકેશ ભેંસજાળીયા દાબેલી લેવા માટે આવેલ. તે સમયે પાર્સલ બાબતે બોલાચાલી કરી અને બીજા બે શખ્સોને બોલાવ્યા હતા. બાદમાં ત્રણેય શખ્સો ગાળો આપવા લાગ્યા હતા. ત્યારે મુકેશ અને મહેશે લાકડીથી હુમલો કરતા હાથમાં અને પીઠમાં ઈજા પહોંચી હતી. દરમિયાન આજુબાજુના લોકો આવી જતાં તેને વધુ મારથી છોડાવ્યો હતો. બાદમાં ઈજાગ્રસ્તને જસદણની સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. આ હુમલાના બનાવ અંગેની ફરિયાદ પરથી જસદણ પોલીસે ત્રણેય હુમલાખોરો સામે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાજ્યમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, અમિત શાહ, વિજયરૂપાણી, સહિતનાઓએ મતદાન કર્યું



ગાંધીનગર તા.૭

રાજ્યમાં લોકસભાની ૨૫ બેઠકો માટે મતદાન યોજાયું હતું ત્યારે ભાજપ તેમજ કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓએ પરિવાર સાથે મતદાન કરી પ્રતિક્રિયા આપી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મતદાન કર્યું હતું તેમણે તેમના પરિવારની સાથે મતદાન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, તેમના પુત્ર અને બીસીસીઆઈ સચિવ જય શાહ અને તેમની પત્ની સોનલ શાહે ગુજરાતના અમદાવાદમાં મતદાન મથક પર મતદાન કર્યું હતું. આ પહેલા તેઓ નારણપુરાના કામેશ્વર મંદિરે પહોંચ્યા હતા, જ્યાં તેમણે દર્શન કર્યા હતા. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ મતદાન કર્યું હતું. રાજકોટ બેઠકનાં ઉમેદવાર રૂપાલાએ પરિવાર સાથે અમરેલીમાં મતદાન કર્યું હતું. અમરેલીનાં ઈશ્વરીયા ગામે પરષોત્તમ રૂપાલાએ પરિવાર સાથે મતદાન કર્યું હતું. પરષોત્તમ રૂપાલા રાજ્યની હાઈપ્રોફાઈલ રાજકોટ બેઠકનાં ભાજપનાં ઉમેદવાર છે. કેબિનેટ મંત્રી ભીખુસિંહજી પરમારે પરિવાર સાથે મતદાન કર્યું હતું. અરવલ્લીનાં મોડાસાનાં ચારણવાડા ગામે મતદાન કર્યું હતું. મતદાન કરવા પહોંચેલા ભીખુસિંહજીએ નિવેદન આપ્યું હતું કે તમામ મતદારોના દિલમાં નરેન્દ્ર મોદી છે.

નવસારી બેઠક પર વહેલી સવારથી મતદાનને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. મધ્યપ્રદેશનાં રાજ્યપાલે નવસારીમાં મતદાન કર્યું હતું. મધ્યપ્રદેશનાં રાજ્યપાલ મંગુભાઈ પટેલે મતદાનની ફરજ નિભાવી હતી.

ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલે મતદાન કર્યું હતું. આનંદીબેન પટેલે શીલજની પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું.

શિક્ષણમંત્રી ડો. કુબેર ડિંડોરે મતદાનની ફરજ નિભાવી હતી. મહીસાગરનાં ભંડારા ગામે રાજ્યનાં શિક્ષણમંત્રીએ મતદાન કર્યું હતું. શિક્ષણમંત્રીએ હાથમાં મોરપીંછ રાખી મતદાન કર્યું હતું. મહિસાગરનાં ભાજપનાં ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે જંગી લીડથી જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મતદાન કર્યું હતું. સુરતનાં પિપલોદ વિસ્તારમાં હર્ષ સંઘવીએ મતદાન કર્યું હતું. રાજ્યનાં તમામ મતદાન મથકો પર વહેલી સવારથી મતદાનને લઈ ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજ્યનાં મોટાભાગનાં નેતાઓ વહેલી સવારે મતદાન માટે પહોંચ્યા હતા.

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મતદાન કર્યું હતું. અનિલ જ્ઞાન ગંગા શાળા ખાતે વિજય રૂપાણીએ પરિવાર સાથે મતદાન કર્યું હતું. મતદાન બાદ વિજય રૂપાણીએ નિવેદન આપ્યું હતું કે, "વધુમાં વધુ મતદાન માટે પ્રયત્ન કરવામાં આવશે. ૪૦૦ પારના નારા સાથે લોકો વહેલી સવારથી ઉમટી રહ્યા છે. રાજકોટ બેઠક પર પરષોત્તમ રૂપાલા જંગી લીડથી જીતશે. ગરમી વધુ હોવાથી લોકોને વહેલું મતદાન કરવા અપીલ કરૂ છું."

બનાસકાંઠાનાં કોંગ્રેસનાં ઉમેદવાર ગેનીબેન ઠાકોરે મતદાન કર્યું હતું. માતા-પિતાનાં આશીર્વાદ લઈને મતદાન કર્યું હતું. મતદાન કરતા સમયે ગેનીબેન ભાવુક થયા હતા. બહોળા પ્રમાણમાં મતદાન માટે અપીલ કરી હતી. રાજકોટનાં કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણીએ મતદાન કર્યું હતું. અમરેલીનાં બહારપરાની શાળામાં પરિવાર સાથે મતદાન કર્યું હતું. મતદાતાઓ સાથે લાઈનમાં ઉભા રહી પરેશ ધાનાણીએ મતદાન કર્યું હતું.ગાંધીનગરમાં કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મતદાન કર્યું હતું. કર્મચારીની પેનને લઈ શક્તિસિંહ ગોહિલે કર્મચારીની ઝાટકણી કાઢી. કેસરી પેન લઈને બેઠેલા એક સરકારી કર્મચારી સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં ગુજરાતના જે જે બુથોની અંદર આવી ભાજપના સિમ્બોલ સાથેની પેન કે અન્ય સાહિત્ય સાથે બેઠેલા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી પણ કરી છે.

### અબજોપતિ ગૌતમ અદાણી અને પરિમલ નથવાણીએ પણ કર્યું વોટિંગ

અદાણી ગ્રુપના ચેરમેન અને અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ભારતમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં પોતાનો મત આપ્યો હતો. તેમણે ગુજરાતના અમદાવાદમાં તેમના વિસ્તારના મતદાન મથકમાં પોતાનો મત આપ્યો. લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન થયું જેમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ અમદાવાદમાં લાઈનમાં ઉભા રહીને પોતાનો મત આપ્યો હતો. ગૌતમ અદાણીએ પણ પોતાનો મત આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરી હતી. મતદાન કર્યા બાદ ગૌતમ અદાણીએ કહ્યું કે આ લોકશાહીનો તહેવાર છે અને હું લોકોને અપીલ કરું છું કે બહાર આવીને મતદાન કરો. ભારત સતત પ્રગતિ કરી રહ્યું છે અને આ વલણ ચાલુ રહેશે.

### શીલજની પ્રાથમિક શાળામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મતદાન કર્યું

લોકસભા ચૂંટણી ૨૦૨૪ નિમિત્તે ગુજરાતમાં ૨૫ બેઠકો માટે મતદાન થયું હતું ત્યારે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ શીલજની પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલની સાથે અનેક ધારાસભ્યો અને કાર્યકરો પણ મતદાનમાં જોડાયા હતા. સીએમ ભૂપેન્દ્ર પટેલે ભારતને વિકસિત દેશ બનાવવા મતદાન માટે અપીલ કરી હતી. ભૂપેન્દ્ર પટેલે અને તેમના દીકરા અનુજ પટેલે પણ મતદાન કર્યું હતું. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે પણ મતદાન કર્યું હતું. તેની સાથે તેમણે શહેરીજનોને મતદાન કરવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે મતદારોએ લોકશાહીના આ પર્વની ઉત્સાહ સાથે ઉજવણી કરવી જોઈએ. મતદાન જેટલું વધારે થશે તેટલી લોકશાહી વધુ મજબૂત થશે. લોકોને વિકાસ માટે મત આપવા તેમણે અપીલ કરી હતી.

# મતદારો નિરસ : રાજ્યમાં સૌથી ઓછુ મતદાન અમરેલી જિલ્લામાં

અમરેલી,તા.૭

અમરેલી બેઠક પર સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયુ હતું જે બાદ સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયું હતું. લોકસભા બેઠકના ૮ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે. ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૦.૦૭ ટકા મતદાન નોંધાયું હતું. ૨૦૧૯માં અમરેલીમાં સરેરાશ ૫૫.૭૫% મતદાન નોંધાયું હતું, ૨૦૧૪માં ૫૪.૪૭% મતદાન નોંધાયું હતું.રાજ્યભરમાં સૌથી ઓછું મતદાન નોંધાયું હોય તેવી બેઠકોમાં અમરેલી તળીયે હતું અને આ વખતે પણ ૫૦ ટકા જેવુ મતદાન નોંધાતા ફરીવાર તળીયે પહોચ્યું છે. અમરેલી લોકસભાની બેઠકમાં ભાજપ તરફથી ભરતભાઈ સુતરીયા અને કોંગ્રેસ તરફથી જેનીબેન ઠુંમર ચૂંટણી લડી રહ્યાં હતા. બંને ઉમેદવારોએ મતદાન પૂર્વે જોર-શોરથી પ્રચાર-પ્રસાર કર્યો હતો. પરંતુ અમરેલી લોકસભામાં માત્ર ૫૦ ટકા જ મતદાન થયુ છે. મતદારો આ વખતે બંને પક્ષોને હકારાત્મક અભિગમ દેખાડી મતદાન કરવા પહોચ્યા જ નહોતા. જે રીતે આ લોકસભાની ચૂંટણીમાં મતદારોએ નિરસતા દાખવી તેને જોતા ચૂંટણીના પરીણામો અંગે કંઈ કહી ન શકાય તેવો તાલ સર્જાયો છે.

**અમરેલી જિલ્લામાં મતદાનની ટકાવારી**

| વિધાનસભા | મતદાનની ટકાવારી |
|---|---|
| ૯૪-ધારી | ૪૬.૦૮ |
| ૯૫-અમરેલી | ૪૯.૦૪ |
| ૯૬-લાઠી | ૪૯.૫૦ |
| ૯૭-સાવરકુંડલા | ૪૬.૯૫ |
| ૯૮-રાજુલા | ૫૨.૫૮ |
| ૯૯-મહુવા | ૫૮.૨૨ |
| ૧૦૧-ગારીયાધાર | ૪૭.૪૩ |
| ૧૪-અમરેલી કુલ | ૫૦.૦૭ |




### ગીર સોમનાથ જિલ્લાની ઉના વિધાનસભા બેઠકમાં આવેલું અનોખું મતદાન મથક

# બાણેજ ગામમાં ૧૦૦ ટકા મતદાન

ગીરસોમનાથ,તા.૭

ઉના વિધાનસભા મત વિસ્તારમાં આવતા અનોખા મતદાન મથકમાં ૧૦૦ ટકા મતદાન થયુ છે. મધ્ય ગીર જંગલમાં આવેલા બાણેજ બુથ નં.૩ માં સો ટકા મતદાન થયુ છે. બાણેજ બુથમાં માત્ર એક મતદાતા છે. બાણેજ મંદિરના મહંત હરીદાસબાપુએ અહીં પોતાનો મત આપતા જ સો ટકા મતદાન થયુ છે. ભારતનું ચૂંટણી પંચ એક મતનું મહત્વ સમજાવવા માટે માત્ર એક મત માટે અહીં આખું મતદાન મથક ઉભું કરે છે.

ગીર સોમનાથ જિલ્લાની ઉના વિધાનસભા બેઠકમાં આવેલું અનોખું મતદાન મથક બાણેજમાં સો ટકા મતદાન થયુ છે. અહીંના એક માત્ર મતદાર હરીદાસબાપુએ મતદાન કરતા જ આ બુથ પર સો ટકા મતદાન થયુ છે. દર ચૂંટણીમાં અહીં થાય સો ટકા મતદાન થાય છે.



ગીર જંગલ મધ્યે ચૂંટણી પંચ દ્વારા આ બુથ તૈયાર કરવામાં આવે છે. માત્ર એક મત માટે બાણેજ ખાતે ઉભા કરવામાં આવેલા પોલિંગ બુથમાં ૧૫ કર્મચારીનો સ્ટાફ સાંજે ૬ વાગ્યા સુધી ફરજ નિભાવે છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહીને મજબૂત બનાવતી વખતે ચૂંટણી પંચ દરેક મતદાર માટે એક ખાસ મતદાન મથક પણ બનાવે છે.


# વંથલી પાસે દારૂની હેરાફેરી ઝડપાઈ ૮.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત

જૂનાગઢ,તા.૭

વંથલી પાસે કટીંગ થાય તે પહેલાં પોલીસે પરાળનાં ભુકાની આડમાં હેરાફેરીનો પર્દાફાશ કરી ૪.૨૪ લાખના દારૂ, બીયર ભરેલી બોલેરો પકડી લઈ ૮.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઈંગ્લિશ દારૂ ભરેલ જીજે-૦૩-બીવી-૯૪૩૬ નંબરનું બોલેરો પીકઅપ વાહન સેલરા ગામથી સોનારડી ગામ તરફ જતી ગારીમાં ગયું છે અને ત્યાં દારૂનું કટીંગ થવાનું છે તેવી માહિતી મળતા વંથલીના પીએસઆઈ વાય. બી. રાણા, એએસઆઈ એન. એમ. વાઢેર સહિતના પોલીસ સ્ટાફે દોડી જઈને તપાસ કરતા બોલેરો વાહન રેઢું મળી આવતા તલાશી દરમ્યાન વાહનમાં પરાળનાં ભુકા નીચેથી રૂપિયા ૩,૯૩,૬૦૦ના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા રૂપિયા ૩૧,૨૦૦ની બીયરની ૧૩ પેટી મળી આવતા પોલીસે દારૂ, બીયર અને બોલેરો સહિત કુલ રૂપિયા ૮,૭૪,૮૦૦નો મુદામાલ કબજે કરી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

# અમરેલીમાં મતદાન બાદ વરસાદના અમી છાંટણા: ગરમીમાં શેકાતા લોકોને મળશે રાહત

અમરેલી,તા.૭



અમરેલી લોકસભામાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. સવારથી મતદારો મતદાન માટે લાઈનમાં ગોઠવાઈ ગયા હતા. ભારે ગરમીને કારણે અમરેલી લોકસભાનું સૌથી ઓછુ મતદાન થયુ હતું. જો કે અમરેલીમાં ગરમી અને મતદાન બાદ સાંજના સમયે ભારે પવન ફૂંકાયો હતો અને સાંજના સમયે અચાનક જ વરસાદના અમી છાંટણા થયા હતા. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદને કારણે છેલ્લાં પાંચ દિવસથી હીટવેવનો સામનો કરતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. હળવા વરસાદને કારણે લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

# સુરતના કતારગામમાં સગીરા પર દુષ્કર્મ ગુજારી ગર્ભ રાખી દેતા ફિટકાર

સુરત,તા.૭

સુરતના કતારગામમાં ૨૯ વર્ષના યુવકે ૧૩ વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવ્યા બાદ મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ બન્યો હતો. પ્રદિપ પ્રજાપતિ પરિણીત હોવા છતાં ૬ માસ પહેલા કિશોરીના માતા-પિતા કામ માટે બહાર ગયા ત્યારે ૧૩ વર્ષની કિશોરી પર નજર બગાડી હતી. તેણે પહેલા કિશોરી સાથે વાત શરૂ કરી બાદમાં અડપલા કરતો હતો. એક દિવસ કિશોરી ને બોલાવીને બળાત્કાર ગુજાર્યો હતો. પ્રદિપે હવસ સંતોષી લીધા બાદ કિશોરીને જો આ અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ધમકીથી ગભરાયેલી કિશોરીએ કોઈને વાત કરી ન હતી. બે દિવસ અગાઉ કિશોરીને પેટમાં દુઃખાવો થયો હતો. જેથી તેની માતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યાં તપાસ્યા બાદ ડોક્ટરે કિશોરીને ૬ માસનો ગર્ભ હોવાનું કહેતા માતા-પિતાના પગ તળેની જમીન ખસી ગઈ હતી. ઘરે ગયા બાદ માતાએ પુછતા તેણીએ પ્રદિપ પ્રજાપતિએ આચરેલા કુકર્મની સઘળી હકીકત જણાવી હતી.

